Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

(ઈતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રી મંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૮ મું, અંક : ૩ વિ.સં.૨૦૫૪ : માગસર સન ૧૯૯૭ : ડિસેમ્બર



વીરભદ્ર શિવ, શામળાજી

પથિક કાર્યાલય, C/o ભો.જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

# એક અનુભવી ઈજનેરની અગમ-વાણી

શ્રી જી. ગાંધી

પોરબંદરથી દક્ષિણે નાઘેરનો માંગરોળ અને ચોરવાડ સહિતનો ઘેડવિસ્તાર કુદરતી વરસાદ અને કુદરતી રીતે મળતા બરડા અને ગિરનારના પ્રવાહથી સભર છે, આથી આકાશી ખેતીનો પ્રદેશ હરિયાળો બનતો, પરંતુ એ ઉપરવાસમાં પણ ખેતી થતી રહી. વળી પથ્થર એ પ્રકારનો છે કે પાણીની અંદર ડૂબેલ રહે (soaked) તો જ એના ટુકડા ન થાય તથા કાણાં બને નહિ, છિદ્રો પડે નહિ, પરંતુ ચોમાસા બાદ જેવું પાણી ખલાસ તાય ત્યારે પથ્થરો કાચા રહી જાય અને અનુસ્રવણ અથવા ઝમણ વધુ થવાથી આ વિસ્તારમાં ચોમાસા પછી પાણી જ ન રહે.

આ કારણથી દરિયો નદીનું પાણી બારેમાસ મેળવતો નથી અને ઠંડું પાણી ન મળવાથી દરિયાની સપાટી ભવિષ્યમાં ઉપર આવી તોફાન સર્જે એવી ભવિષ્યવાણીઓ ઉ. ધ્રુવનાં બરફનાં કારણોની વર્ણવી છે એવું એક અભ્યાસમાં આવેલ. આ બાબતમાં છાપામાં પણ નોંધ હતી. આથી અમોએ અગાઉ એક નોંધ લખેલ કે નર્મદાનું પાણી બંધાઈ જવાથી દરિયામાં ઓછું પાણી આવતાં દરિયો નજીક આવશે, એ રીતે પોરબંદર અને માંગરોળ-વેરાવળ સામે દરિયામાં નદીમાં પાણી જ આવતું ન હોવાથી દરિયો તોફાની બનતો રહેશે.

આ તોફાનમાં દ્વારકાનું કૃષ્ણમંદિર અને સોમનાથનું મંદિર ડૂબવા-ભાંગવા તૂટવાનો સંતોષ વિધર્મીઓને મળી જાય, પરંતુ હરિનાં કામ હરિ ઉકેલેની જેમ મારા તમારા જેવા કોઈ નવું વિજ્ઞાન-અભિયાન લાવે તો કદાચ બચી શકે.આ માટે અમારા તરફથી આ વિસ્તારનાં જાણકારોને એક વિનંતી કરવામાં આવે છે કે સરકારી નિયમોમાં કંઈક ફેરફાર થાય :- ૫૦% વિશ્વસનીયતા લેવાય છે તે મહત્તમ વરસાદનું વર્ષપ્રમાણ ગણવું તથા (૨) અમૃતસંચય માટે ૫૦% વિશ્વસનીયતા વર્ષના આવરા જથ્થાના ૫૦% ગણવા, આથી ઝમણ થતાં પથ્થરોમાં બંધની ઊંડાઈ વધારે આવે અને આથી પથ્થર પાણીમાં ડૂબેલ રહે, આથી પથ્થર ફૂટે નહિ, છિદ્રાળુ બને નહિ અને પાંકટ બને. વળી પાણી ઉપર હોવાથી ઠંડક પણ સમધાત બનાવે.

જે જળસંપત્તિયોજનાઓ બને તેમાં આવું આયોજન કરવાથી સિંચાઇશક્તિ શરૂશરૂમાં ઘટતી લાગે, પરંતુ નીચવાસમાં પાણીનો ફેલાવ (ચોમાસામાં) થાય છે તે પણ અટકે એમ છે.

સમુદ્રકાંઠાના વિસ્તારમાં ૨૦ મીટર સમચોરસ રેખાએ એક પથ્થરનું વળું જ છે. આ વળા ઉપર પાણી ફેલાયેલું રહેવું જરૂરી છે, જે ખેતીને પણ નુકસાન ન કરે એ માટે પણ ધ્યાન રાખવું જરૂરી છે અને ઉપર કહ્યું તેમ શ્રીકૃષ્ણની દ્વારકા સુધી આ અંગે એક સર્વેક્ષણ-આંતરરાષ્ટ્રિય કક્ષાનું વિચારવું, જેમાં

(૧) સૌરાષ્ટ્રનો સમગ્ર દરિયાકિનારો, (૨) સૌરાષ્ટ્રની ઉત્તરે કચ્છનો અખાત, (૩) સૌરાષ્ટ્રની પૂર્વ-દક્ષિણે ખંભાતનો અખાત (સાબરમતી) નહેરવાળો, (૪) ગુજરાતનો સાગરકિનારો, (૫) વડોદરા અને ગુજરાતના સપાટ પ્રદેશમાં ટેકરીઓનું મહત્ત્વ, (૬) ઊર્જા તરીકે સિંચાઈ માટે સવલતો :

(અ) વરસાદ,

(બ) પ્રવાહી પાણી,

(ક) કૂવા-પદ્ધતિ,

(ડ) પર્યાવરણીય રીતે, પાકની રીતે સ્થળ/જમીનની કેળવણી/નવસાધ્યતા વગેરે "સંયુક્ત" કામગીરી થવી જરૂરી છે. સમગ્ર કચ્છને પણ આ રીતે વિચારવાનું છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છની તોપો અને કચ્છ મ્યુઝિયમનો તોપસંગ્રહ

શ્રી. નરેશ. પી. અંતાણી

બે બે વિશ્વયુદ્ધ ખેલાયા પછી હવે ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય એ માટેના પ્રયાસોમાં વિશ્વનાં વિવિધ રાષ્ટ્રસંગઠનો પ્રયત્નશીલ છે, જ્યારે પુરાતન કાળમાં યુદ્ધ એ એક અનિવાર્ય ઘટના હતી. વિવિધ રાજ્યો વચ્ચે સ્પર્ધા થતી. યુદ્ધ માટેનાં અનિવાર્ય અસ્ત્ર-શસ્ત્રોમાં તોપ પણ એક મહત્ત્વનું સાધન બની હતી. મુઘલોએ હિંદમાં પ્રથમ વિજય તોપની સહાયે જ મેળવ્યો હતો તેવું ઇતિહાસ કહે છે. આપણે ત્યાં તોપો કેટલાય પ્રકારની બનતી. જયપુર, મૈસૂર અને દિલ્હીની બનાવટની તોપો મશહૂર હતી. પોર્ટુગીઝ તોપો પણ ઉત્કૃષ્ટ કામ આપતી. જૂનાગઢના ઉપરકોટમાં રહેલી નીલમ અને માણેક તોપો જાણીતી છે. તોપની બનાવટો જે તે વિસ્તારની શિલ્પકળાનો પરિચય પણ આપે છે.

અનેક કળાઓમાં નિપુણ કચ્છી કારીગરો અસ્ત્ર-શસ્ત્ર બનાવવામાં પણ પાવરધા હતા. સુંદર નકશીવાળાં હથિયારો કચ્છમાં બનતાં. આજથી અંદાજે ૧૨૫ વર્ષ પહેલાં કચ્છમાં અન્ય હથિયારો સાથે તોપ બનાવવાનો ઉદ્યોગ પણ વિકસેલ હતો. લુહારી કામની વસ્તુઓ, બારી, દરવાજા, રેલિંગ, ગઢના દરવાજા, ભાલા, ખીલા જેવી સુંદર કળામય વસ્તુઓ કચ્છમાં બનતી. માંડવીમાં લોખંડ ગાળવાનું કારખાનું અઢીસો જેટલા મજૂરોથી ધમધમતું હતું. નેણશી વીરજી કંસારા અને મોનજી તુલસીદાસ તોપ ઢાળવાનું કામ કરતા. ઈ.સ. ૧૮૮૪માં આ કામગીરી બંધ થઈ હોવાનું જાણવા મળે છે. કચ્છની અનેક કળાઓના જન્મદાતા મનાતા રામસિંહ માલમનું પણ કચ્છના તોપ-ઉદ્યોગના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન હતું.

કચ્છમાં માંડવી ઉપરાંત ધાણેટી, ડગાળા, રતનાલ વગેરે સ્થળોએ પણ તોપ ઢાળવાનો ઉદ્યોગ વિકાસ પામેલ હતો. કચ્છની તોપોનો ઉપયોગ યુદ્ધ માટે ખૂબ જ અલ્પ પ્રમાણમાં થયેલ છે.

ઈ.સ. ૧૭૬૧ના ઝારાના યુદ્ધમાં કચ્છની તોપનો ઉપયોગ થયાનો ઉલ્લેખ મળે છે, પરંતુ તાલીમ વગરના તોપચીઓને કારણે તે શરૂઆતમાં જ ફૂટી જતાં કચ્છના લશ્કરને જ હાનિ થતી હતી. જમાદાર ફતેહમહમદે જામનગર સાથેનાં યુદ્ધોમાં પણ કચ્છી બનાવટની તોપોનો ઉપયોગ કરેલ હતો. તોપો લડાઈ કરતાં શુભ પ્રસંગોએ વધુ પ્રમાણમાં વપરાયેલ છે, ખાસ મહાનુભાવોને સલામી આપવા. નાગપંચમી, જન્માષ્ટમી, રાજવી પરિવારમાં જન્મ કે લગ્ન જેવા શુભ પ્રસંગોએ તોપ ફોડવામાં આવતી. ભૂજમાં હમીરસરને કાંઠે એક તોપ દરરોજ બપોરના મધ્યાહ્ન સમયે ફોડવામાં આવતી, જેનો અવાજ સાંભળી કારીગરો બપોરના આરામ માટે કામ બંધ કરતા અને નગરજનો 'જિયે રા' શબ્દોચ્ચાર કરી કચ્છના રાવના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતા.

કચ્છમાં તોપો લોખંડની જ બનતી, મિશ્ર ધાતુની તોપો બહારથી આવતી. કચ્છમાં નાની-મોટી તમામ પ્રકારની તોપો બનતી. કેટલીક તોપો આઠથી પંદર ફૂટ જેટલી લાંબી છે. આ મોટી તોપો કચ્છનાં મોટાં શહેરો ભૂજ, માંડવી, મુંદ્રા તથા અંજારના ગઢ ઉપર ગોઠવવામાં આવેલી. આંધોઈ, કેરા જેવા નાના ભાયાતોના ગઢ ઉપર પણ તોપો જોવા મળતી. તોપ રાખવી એ સાર્વભૌમત્વની નિશાની લેખાતી.

કચ્છમાં તોપોને વિશેષ પ્રકારનાં નામો પણ આપવામાં આવતાં. સાવ નાના કદની તોપ 'ગુડદિયો' કહેવાતી, જેનો ઉપયોગ શ્રીમંત ઘરોમાં દિવાળીમાં દારૂખાનું ફોડવામાં થતો. વધુ અવાજ કરતી મધ્યમ કદની તોપને "મિરિયમ" તરીકે ઓળખવામાં આવતી, જ્યારે "સિકરા" નામે ઓળખાતી તોપમાં જામગરી ચાંપતાંની સાથે જ પાછળ હટતી અને ફૂટવાની સાથે જ વેગ સાથે આગળ વધતી. બહુ મોટી તોપને "ચંદન ઘો" તરીકે ઓળખવામાં આવતી. કદમાં નાની પણ ઘંટ-આકારની તોપને "સુરંગ" કહેવામાં આવતી.

લોખંડ સિવાયની મિશ્ર ધાતુની તોપો જેસલમેર, જયપુર, મૈસૂર અને દિલ્હીની આવતી, જેની બનાવટમાં પિત્તળ, તાંબું, કાંસું અને લોખંડનો ઉપયોગ થતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તોપ માટેનો દારૂ સુરોખાર, ગંધક અને કોલસામાંથી બનાવવામાં આવતો. દારૂને તોપના નાળચામાં ઠાંસીને તે પર સીંદરીનો ડૂચો "સુજબા" તરીકે ઓળખાતા લાકડાના ધોકા વડે તોપની અંદર ઠાંસવામાં આવતો. તોપના બીજા છેડે ઉપરની બાજુ નાનું છિદ્ર રહેતું ત્યાં દારૂની વાટ રહેતી, જે સીંદરીના ડૂચા સાથે જોડાયેલી રહેતી. આ દારૂની વાટને કાકડા દ્વારા સળગાવી ફોડનાર તોપચી દૂર હટી જતો. તોપ ફૂટ્યા પછી "સુજબા"થી તેને સાફ કરી નાખવામાં આવતી.

તોપનો દારૂ ભૂજ, માંડવી, અંજાર અને લખપતમાં બનાવવાનાં આવતો. ભૂજમાં મ્યુઝિયમ પાસેના મહાદેવનાકાની જમણી બાજુ કોઠા નીચે સિલેખાનું રહેતું.

તોપચી એટલે તોપ ફોડનાર. જાળવણી કરનાર તરીકે સુમરા, નોડે અને પઠાણ જાતિના મુસ્લિમો કામગીરી કરતા. કચ્છના તોપચીઓમાં પધુ ગુલમદાર અને અજા હવાલદારનાં નામો જાણીતાં છે. અજા હવાલદારને બિરદાવતી પ્રશસ્તિ જાણીતી હતી :

"ભૂજ ભડાકા ભીડકા નાકા
માછુનાળ અજ બેટા વંકા."

તોપચીઓને તાલીમ આપવામાં આવતી, જેમાં માટીના ગોળાઓનો ઉપયોગ કરવામાં આવતો. તોપની એક સ્થળેથી બીજે સ્થળે હેરફેર માટે લાકડાંની મોટી તોપગાડી બનાવવામાં આવતી. આવી તોપગાડીઓ રાજ્યની અસવારી વખતે કાઢવામાં આવતી, જેને બળદ ખેંચતા. તોપગાડી પર રહેલ તોપ ઊંચી-નીચી થઈ શકે, આસપાસ ફરી શકે તેવી રચના પણ તેમાં કરવામાં આવતી.

તોપ તૈયાર થયા પછી તેની શક્તિનું માપ કાઢવા માટે ફોડવામાં આવતી. આવા એક પ્રદર્શન વખતે ભૂજના ભૂજિયા ડુંગર ઉપરથી ફોડવામાં આવેલ તોપનો ગોળો ભૂજથી ૩૦ કિ.મી. દૂર પધ્ધર ગામની વાડીમાં પડ્યો હતો.

કચ્છ બહારથી દરિયા વાટે આવતી મિશ્ર ધાતુની તોપો તથા કચ્છની તૈયાર થયેલ તોપોની પ્રાપ્તિ, જાળવણી, દારૂગોળાની જાળવણી વગેરે માટે એક ખાસ અલગ ખાતું કચ્છ રાજ્ય નિભાવતું, જેના ઉપરીને મુન્શી કહેવાતા, આ મુન્શી પરિવારના વંશજો આજે પણ કચ્છમાં મુન્શી તરીકે ઓળખાય છે. આ મુન્શીઓ રાજકારભારમાં પણ નિષ્ણાત હતા.

કચ્છ બહારથી આવતી તોપોમાં પાર્ટુગીઝ અને મૈસૂરની તોપો વિશેષ મહત્ત્વ ધરાવે છે.

કચ્છમાં અને મૈસૂર રાજ્ય વચ્ચે ૧૮ મી સદીનાં અંતિમ વર્ષોમાં રાજકીય સંબંધો વિકસ્યા હતા. "મૈસૂરના વાઘ" તરીકે જાણીતા ટીપુ સુલતાને કચ્છ સાથેના સંબંધો વધુ ગાઢ થાય તે માટે ભેટ આપેલ તોપ અત્યારે કચ્છ મ્યુઝિયમના પ્રાંગણમાં પ્રદર્શિત થયેલી છે. ટીપુ સુલતાન અંગ્રેજો સામેની લડાઈ માટે કચ્છી પાણીદાર ઘોડાઓ મેળવવામાં ખૂબ જ ઉત્સુક હતો અને એ માટે આ સંબંધો કેળવવા તેણે કચ્છના જમાદાર ફતેહમહમદને આ "હૈદરી" તોપ ભેટ આપેલી. કચ્છ રાજ્ય અને ટીપુ સુલતાનના વિકસેલા સંબંધોના પુરાવારૂપ પત્રાચાર અત્યારે મદ્રાસના એમોર ખાતેના સરકારી દફતરભંડારમાં સચવાયેલો પડેલ છે, જેમાં ઈ.સ. ૧૭૯૯ના લશ્કરી મસલતોના પુસ્તક નં : ૨૫૪-બી ના ૩૬૨૫ થી ૩૬૨૯ સુધીનાં પૃષ્ઠોમાં મૈસૂર અને કચ્છના સંબંધોની વિગત અપાયેલી છે. કચ્છના ઘોડાઓની બદલીમાં કચ્છી વેપારીઓને નાણાં અથવા ચોખા આપવામાં આવતા અને વેપારીઓ પાસે મૈસૂર રાજ્યના કોઈ પણ બંદર પર કોઈ પણ પ્રકારનો જકાત- વેરો લેવામાં આવતો નહિ. કચ્છનાં માંડવી તથા મુંદ્રા બંદરો પર મૈસૂર રાજ્યની કોઠી પણ સ્થપાઈ હતી.

મૈસૂરના રાજવીએ કચ્છને ખેલાત-"માનદ પોશાક" તથા કેટલીક ભેટો મોકલેલ હતી, જેમાં "હૈદરી" તોપ પણ હતી. આ "હૈદરી" તોપ સિવાય પણ ઘણી તોપો મૈસૂરથી આવતી, કેમકે અંજારમાં હુસેનમિયાંએ અંગ્રેજો વિરુદ્ધ કરેલ તોપમારામાં જે તોપોનો ઉપયોગ કરેલ તે શ્રીરંગપટ્ટમ(મૈસૂરના પાટનગર)માં બનેલી હતી.



For Private and Personal Use Only

આમાંની બે તોપો ઈ.સ.૧૯૭૦માં ફતેહમહમદના હજીરામાં ભૂજમાંથી મળી આવેલ છે, જે પૈકી એક ઉપર "હકૂમતે હૈદરી" એવું લખાણ જોવા મળે છે, જ્યારે અન્ય પર પોર્ટુગીઝ ભાષામાં લખાણ છે. કચ્છમાં પોર્ટુગીઝ તોપો પણ સારા પ્રમાણમાં આવતી.

**કચ્છ મ્યુઝિયમનો તોપસંગ્રહ :**

કચ્છમાં આજે અનેક સ્થળે તોપ જોવા મળે છે, જે પૈકી કેટલીક અગત્યની તોપો ભૂજ ખાતે કચ્છ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવી છે. આ તોપો મ્યુઝિયમના વિશાળ પ્રાંગણમાં પ્રદર્શિત કરાઈ છે.

મ્યુઝિયમમાં સંગ્રહવામાં આવેલી તોપો પૈકી સૌથી મોટી લોખંડની કચ્છી બનાવટની તોપ ૨૭૮ સેન્ટિમીટરની લંબાઈ ધરાવે છે, જેના ઉપર અંગ્રેજીમાં "આર" લખેલ છે.

ઈ.સ. ૧૬૨૨ની સાલ ધરાવતી પોર્ટુગીઝ તોપ ખૂબ જ સુંદર અલંકરણ ધરાવે છે. પોણા ચારસો વર્ષ જૂની આ તોપ અહીંના સંગ્રહમાંની શ્રેષ્ઠ તોપ છે. મિશ્ર ધાતુની આ તોપ પર આ મુજબનું પોર્ટુગીઝ ભાષામાં લખાણ કરવામાં આવેલ છે :

DACIDADE DEGOAFES SENO ADE 1622 PDB.

ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્ત્વ ધરાવતી ટીપુ સુલતાને કચ્છ રાજયને ભેટ આપેલ "હૈદરી" તોપ મ્યુઝિયમના પ્રાંગણમાં સુંદર રીતે લાકડાની તોપગાડી ઉપર પ્રદર્શિત કરાઈ છે.

તોપ પર અરબી ભાષામાં લખાણ કંડારવામાં આવેલ છે. આ લખાણ મુજબ આ તોપ હિજરી સન ૧૨૨૬માં મૈસૂર રાજયના પાટનગર શ્રીરંગપટ્ટમ્‌માં ગુલામ અસદ નામના કારીગરે બનાવેલ છે. ૭૦૦ રતલનું વજન ધરાવતી આ તોપને ટીપુએ તેના પિતા હૈદર અલીના નામ પરથી "હૈદરી" નામ આપેલ છે. તોપ પરનું અરબી લખાણ આ મુજબ છે :

"અસદુલ્લા અલ ગાઝબાર હાર. જમાલસીન જુલુસ બરમી આઅદ
સરકાર હૈદરી સાલ શાબાદ સન્હ ૧૨૨૬. સાહત
હબહમ કારખાનાં બલ્લાંવ ગુલામ મહમદ અસદ કારીકર. સૈયદ હસન
હાજરા રત્લ વજન તેહ હમ સૈદુ જો મજત. દારુત સલ્તનત સામ્તપન હૈદરી".

આ તોપ ચલાવવાનો કચ્છીઓને અનુભવ ન હોઈને તેને ચલાવવા તથા કચ્છી તોપચીઓને તાલીમ આપવા ટીપુ સુલતાને એક તોપચી પધુ ગુલમદારને પણ સાથે મોકલેલો હતો. આ તોપચી કચ્છના પેંડાનો ભારે શોખીન હતો. એ શુકન તરીકે કે શોખ તરીકે કચ્છી પેંડા ખાધા પછી જ "હૈદરી" નું સંચાલન કરતો. એનું મૃત્યુ ભૂજમાં જ થયું હતું. તેની કબર ભૂજમાં જમાદાર ફતેહમહમદના હજીરાના પ્રાંગણમાં છે.

મ્યુઝિયમના સંગ્રહની સૌથી નોંધપાત્ર ઘંટાકાર મિશ્ર ધાતુની તોપ છે "હૈદરી". તોપની નજીક જ મૂકવામાં આવેલી ૨૮૦ સેન્ટિમીટરનું મુખ ધરાવતી ઘંટાકાર (મોર્ટાર) તોપ પોર્ટુગીઝ બનાવટની હોવાનું અનુમાન કરી શકાય છે, કારણ કે દીવના કિલ્લામાં પણ આ પ્રકારની તોપ આજે જોઈ શકાય છે.

આ તોપ ક્યારે બનાવવામાં આવી તેનો ઉલ્લેખ મળતો નથી, પરંતુ એક અંદાજ મુજબ ચારેક સો વર્ષ જૂની મનાય છે. તોપની સાથે તેના મોટા લોખંડના ગોળા પણ સાથે જોઈ શકાય છે. આ ગોળા પોલા છે અને તેની ઉપર નાનું મોઢું છે તેના દ્વારા ગોળાના પોલાણમાં ખીલા, કાચ, લોખંડની કરચો ભરીને તેને આ મોર્ટાર તોપ વડે છોડવામાં આવતાં. આ તોપની વિશેષતા છે કે તે દૂર અંતરે ગોળા છોડી શકતી નહિ, પરંતુ ખૂબ ઊંચે સુધી ગોળા છોડી શકે છે, એટલે કે કિલ્લાની દીવાલની બહારથી ગોળો છોડતાં તે કિલ્લાની દીવાલ કુદાવી અંદર જમીન પર પટકાતાં જ ફાટે તેમાં રહેલ કાચ, કરચો, ખીલા વગેરે સૈનિકો ને ઘાયલ કરે. કિલ્લો બહારથી દુશ્મનો વડે ઘેરાઈ જાય ત્યારે અંદરથી પણ તોપના ગોળા છોડી દુશ્મનોને હાનિ કરી શકાતી. તે જમાનાની આટલી મોટી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તોપ બીજે ક્યાંયે જોવા મળતી નથી. આ પ્રકારની જ નાની લોખંડની તોપ કચ્છમાં બનેલી છે, જે લખપતના ગઢ પર જોવા મળે છે.

નાની "ગુડદિયો" તોપ પણ મ્યુઝિયમના અસ્ત્ર-શસ્ત્ર વિભાગમાં પ્રદર્શિત કરાઈ છે, જે મ્યુઝિયમને સ્વ. દેવેન્દ્રભાઈ માનભાઈ વોરાએ ભેટ આપેલી છે. આ તોપ પર ત્રિશૂળ કોતરાયેલ છે.

આમ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી તોપોનો સંગ્રહ મ્યુઝિયમની સમૃદ્ધિમાં વધારો કરે છે.

પાછળની લડાઈનાં સાધનો બદલાયાં અને લડાઈઓ પણ નામશેષ થઈ ગઈ તેમ અન્ય હથિયારોની જેમ તોપઉદ્યોગ પણ નામશેષ થઈ ગયો. કચ્છના ભવ્ય ભૂતકાળની યાદ અપાવતી આ તોપો આજે કચ્છમાં ઠેર ઠેર જોવા મળે છે. ભૂજ શહેરમાં પોલીસ-હેડ ક્વાર્ટર્સમાં અનેક પ્રકારની નાની મોટી તોપો સુંદર રીતે ગોઠવવામાં આવી છે. આ તોપોનો ઉપયોગ સરકારી ભવનોના પ્રવેશદ્વારને શોભાવવામાં પણ કરવામાં આવે છે.

આધોઈ, કેરા, મુંદ્રા અને લખતના ગઢ ઉપર આજે પણ તોપ જોવા મળે છે.આધોઈની તોપ ખૂબ જ સુંદર અને પિત્તળ જેવી ધાતુની છે.

અંજારના મેકમર્ડોના બંગલાના પ્રાંગણમાં તોપના ગોળાઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોવા મળતા, જે હાલે નથી. ઈ.સ. ૧૮૧૯માં અંજારમાં થયેલ ધરતીકંપથી તોપના કોઠાને નુકસાન થતાં પાછળથી તેનો જીર્ણોદ્ધાર કરાયો હતો, જે અંગેનો લેખ નાયબ કલેકટર કચેરીમાં જોવા મળે છે. સાધાણના કિલ્લામાં તોપમારાથી પડેલાં બાકોરાં તોપની તાકાતની ગવાહી આપે છે.

કચ્છમાં ઠેર ઠેર અગત્યની મિશ્ર ધાતુની તોપની જાળવણી કરવી અત્યંત જરૂરી છે. બાકી અન્ય સામાન્ય તોપોનો ઉપયોગ સગવડના સાધન તરીકે કરવો જરૂરી છે. ભૂજ શહેરમાં તોપ જમીનમાં ઊંધી દાટી કળાત્મક થાંભલા તરીકે તેનો ઉપયોગ અભિનંદનીય છે. સંહારના સાધનને સગવડના સાધન તરીકે ઉપયોગ કરવો એ જ આપણી સિદ્ધિ રહેશે.

ઠે. ૩, નાગરવંડી, ભૂજ(કચ્છ)-૩૭૦૦૦૧

આભાર :- (૨) ક્યુરેટર શ્રી, કચ્છ મ્યુઝિયમ, ભૂજ.

(૨) શ્રી દિલીપભાઈ વૈદ્ય, ભૂજ.

સંદર્ભ :-(૧) મ્યુઝિયમ બુલેટિન નં : ૨૬ ૧૯૭૬-૭૭.

(૨) મિરઝા મહારાવ શ્રી રાયધણજી બીજાના સમયનું કચ્છ : લે. ડૉ. ઈશ્વરલાલ ઓઝા. ૧૯૮૬.

## ગ્રાહકોને વિનંતિ

દરેક પ્રકારનાં ગ્રાહકોને **ખાસ વિનંતિ** કે દરેક પ્રકારના પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નમ્બર જરૂર લખે. ન લખ્યો હોવાથી નામ શોધવા સમગ્ર યાદી જોવી પડે છે, જે સમય માગી લે છે.

**— સંપાદક**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

● પરમ પૂ.ગુરુ સ્વ. મણિભાઈ પુ.વોરા

# સૌરાષ્ટ્રના પુરાતત્ત્વના જાગતા કોશ મણિભાઈ વોરાનું નિધન

● અંજલિ લેખ ●

*શ્રી યશવંત ઉપાધ્યાય,* 'પુરાતન અભ્યાસુ'

જેષ્ટુક દેશે જેષ્ટિકા ધારી, સમટિયામેં તે નર ચારી,
સુદામા, ગાંધીજી, નટવરસિંહજી, ચોથા મણિભાઈ સદવિચારી,

શ્રી બર્જેસે સૌરાષ્ટ્રને ભારતની સંક્ષિપ્ત આવૃત્તિ સમું કહ્યું છે ત્યારે પોરબંદર પંથક ઇતિહાસની દૃષ્ટિએ સૌરાષ્ટ્રની નાની આવૃત્તિ જેવું છે. સ્કંદપુરાણમાં પોરબંદરનો ઉલ્લેખ સુદામાપુરી તરીકે છે. એનો જેઠવા રાજવંશ પણ સૌરાષ્ટ્રમાં સૌથી પ્રાચીન છે. મીરાબાઈએ 'રમ્ય નગરી ઇક પુરી સુદામા' ને નામે તેને બિરદાવી છે. આવા પોરબંદરમાં ૧૯૦૫માં જાન્યુઆરીમાં મણિભાઈનો જન્મ થયો. લગભગ ૪૦ વર્ષ સુધી નોકરી કરી ૧૯૭૦માં તેઓ નિવૃત્ત થયા. એ પહેલાં શિક્ષક અને આચાર્ય તરીકે મણિભાઈએ પોરબંદરની ઘણી સંસ્થાઓને ઉજવાળી છે. આ અર્થમાં તેઓ પોરબંદરની એક આખી પેઢીના વિદ્યાગુરુ રહ્યા હતા.

ઇતિહાસ-પુરાતત્ત્વવિદ્ એમ. પી. વોરા ઉર્ફે મણિલાલ પુરુષોત્તમ વોરાએ તા. ૫મી ઑક્ટોબરે (૧૯૯૭) ચિરવિદાય લેતાં એક સાચા મણિની ખોટ ઊભી થઈ છે.

એમના વિદ્વત્તાપૂર્ણ વ્યક્તિત્વને કોટિવંદના કરી તેમના બાળપણની વાત કરીએ તો એમની કલાવૃત્તિનાં મૂળ તો બાળપણમાં બરડા પંથકમાં વીસાવાડા ગામના ગંગાજળિયા તળાવની પાળના કીચડમાંથી તે રમકડા બનાવતા, એમણે શાળાજીવનની આસપાસ ઇતર પ્રવૃત્તિઓ ખીલવી સમાજમાં સંસ્કારજળ પહોંચાડ્યું હતું.

અનેક વાર અમારી સાથે વાત કરતાં કહેતા કે સચોટ અવલોકનશક્તિ, વાચન અને અનુભવથી સંસ્કાર પામેલી કળાવૃત્તિ જ્વાળામુખી જેમ બહાર નીકળ્યા વિના રહી શકતી નથી. પોતાનો જ અનુભવ કહેતા કે 'જ્યારે દુઃખ કે ઉચાટ થાય ત્યારે કાગળો, રંગીન પેન્સિલો અથવા મીણ માટી લઈને બેસી જાઉં અને કાંઈક કરવા આંગળાં ચલાવું, એમ સંસારનું ઝેર ઉતારવામાં મારી કળા ઔષધ બની જાય અને ઉત્સાહથી મારી કૃતિઓ બનાવવામાં તન્મયતા ને આનંદ અનુભવતો.'

આરંભથી જ મણિભાઈ સંશોધનનો જીવ એટલે પોતાની શિક્ષક તરીકેની કારકિર્દી દરમ્યાન શહેરની જનતાનાં ઇતિહાસ-પુરાતત્ત્વ, પ્રકૃતિવિદ્યા, વગેરે પ્રત્યે રુચિ કેળવાય એ માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા. એમના પ્રયાસોથી પોરબંદરમાં ૧૯૫૨માં પુરાતત્ત્વ સંશોધન મંડળની સ્થાપના કરવામાં આવી. પશ્ચિમ સૌરાષ્ટ્રના મોટા ભાગનાં પ્રાક્સોલંકી મંદિરોને પ્રકાશમાં લાવવાનો યશ શ્રી મણિભાઈ અને મંડળને ફાળે જાય છે.

૧૯૭૦માં શ્રી મણિભાઈ નિવૃત્ત થયા. પુરાતત્ત્વ સંશોધન મંડળની પ્રવાસ, હસ્તલિખિત અંકો અને અન્ય પ્રવૃત્તિઓને વેગ મળ્યો, વરસના ૨૫ થી ૩૦ પ્રવાસો થવા લાગ્યા. તેમની સાથે કેટલાક પ્રવાસો એ મારા જીવનનું ધન્ય સંભારણું છે.

પુરાતત્ત્વની સાથે જે તે પ્રદેશનાં ઇતિહાસ, લોકજીવન, રીતરીવાજો, રહેણીકરણી, વનસ્પતિ, પશુ, પંખી, લોકસાહિત્ય વગેરેના નિરીક્ષણ-અભ્યાસ વધવા લાગ્યા. આ પરિચયના પરિપાકરૂપે 'કુમાર', 'ઊર્મિનવરચના', 'સ્વાધ્યાય', 'પથિક' વગેરે સામયિકોમાં ઉત્તમ કક્ષાના લેખો લખતા, સૌરાષ્ટ્રની સંસ્કૃતિનાં અનેક ભુલાયેલાં પ્રકરણો આથી પ્રકાશમાં આવ્યાં છે.

ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ તરીકે પણ મણિભાઈ બે વર્ષ સુધી રહ્યા હતા. રાજ્ય સરકારે પુરાતત્ત્વ ખાતાની સલાહકાર સમિતિમાં તેમની નિમણૂક કરેલી.

અંધારે ખૂણે પડેલા ઇતિહાસ-પુરાતત્ત્વના ચાહકોને શ્રી મણિભાઈ હંમેશા આવકારતા રહ્યા, કેટલાય નવા અભ્યાસકોની આંગળી પકડી સંશોધન માટે પ્રેર્યા. ભવ્ય ભૂતકાળને યાદ કરતા આંખો રડી પડે છે. તેમને કોટિ કોટિ વંદન સાથે એટલું જ કહીશ કે તેમનું પ્રિય કાર્ય અપનાવવાથી કદાચ એક ભવ્ય ઇતિહાસ ખૂલશે અને તેમાંથી રત્નો મળી રહેશે.




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આઝાદીના સ્મારકરૂપ આંદામાનની સેલ્યુલર જેલ

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



બ્રિટિશ રાજ્ય-અમલના અરસામાં દેશભક્તોની રાષ્ટ્રભક્તિને રાજદ્રોહ માનીને તેમને આંદામાનની સેલ્યુલર જેલમાં રાખવાની સજા ફરમાવવામાં આવતી હતી. આ રીતે ઇતિહાસમાં આંદામાન ટાપુની જેલ વિખ્યાત સ્થળ તરીકે નોંધ પામી છે. ગુરુદાસપુર જિલ્લાના કાદિયાના વતની શ્રી.બાબૂરામ હરિ જૂના વખતમાં 'સ્વરાજ્ય'ના સંપાદક હતા. એમણે પોતાના એ પત્રમાં લખેલા ત્રણ તંત્રીલેખોને 'રાજદ્રોહી' ઠરાવીને બ્રિટિશ સરકાર તરફથી તેમને આંદામાનની સેલ્યુલર જેલમાં ગોંધી રાખવાની ૨૧ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. એમણે ત્યાં હિંદીમાં લખેલું -

''ઓ ! મેરી પ્રિય માતૃભૂમિ, તુમ ક્યોં રો રહી હો ?
વિદેશિયોંકા શાસન અબ ખત્મ હોનેવાલા હૈ,
વે અબ જાનેકી તૈયારી મેં હૈં,
રાષ્ટ્રિય શર્મ ઔર દુર્ભાગ્ય અબ જ્યાદા દિનોં તક નહીં રહનેવાલા !
આઝાદી કી હવા અબ ચલને લગી હૈ,
બચ્ચેં ઔર બૂઢે આઝાદી કે લિયે લાલાયિત હૈં !
જબ ભારત આઝાદ હોગા
'હરિ' ભી અપની આઝાદી કા આનંદ લેગા !"

આ રીતે દેશમાં ફૂલોને ખીલતાં પૂર્વે જ તોડવામાં આવતાં ને સ્વતંત્રતાની વેદી પર તેની આહુતિ અપાતી. આંદામાનની સેલ્યુલર જેલ આવી જ એક બલિદાન આપવા માટેની વેદી હતી. આ કારાવાસમાં ભારતના સ્વાતંત્ર્ય-સેનાનીઓને ભારે સજા ફટકારીને એકાંતવાસ માટે ધકેલી દેવામાં આવતા. આ રીતે ભારતીય આઝાદીજંગ સાથે એનો સંબંધ અભિન્ન ને ગાઢ રહેલો છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝે એને 'ભારતીય વસાહત'નું બિરુદ આપ્યું છે. નેતાજીએ એક વક્તવ્યમાં કહ્યું હતું : 'જેમ ફ્રેંચ ક્રાંતિ ટાણે સૌ પ્રથમ પેરિસના કિલ્લાને સ્વતંત્ર કરી તેમાં રખાયેલ રાજદ્રોહી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા તેમ ભારતના આઝાદી સંગ્રામમાં પ્રથમ આંદામાનને આઝાદ કરવામાં આવશે ને ત્યાં રહેલા ને જુલમ સહન કરી રહેલા અમારા દેશભક્તોને મુક્ત કરવામાં આવશે.

અંગ્રેજોએ બેન્કોલેન, મલક્કા, સિંગાપુર, અરાકાન ને તેનાસેરિમનો એવી જેલ-વસ્તીના રૂપમાં વિકાસ કર્યો કે જ્યાં ભારત અને બર્માના ઉપખંડોના ગંભીર ગુનાના આરોપીઓને ધકેલી દેવામાં આવતા હતા. જેલ-વસ્તીની આ



For Private and Personal Use Only

શ્રેણીમાં આંદામાન છેલ્લું હતું, પણ ભારતભૂમિ માટે તો એ પહેલું હતું. આંદામાનમાં જેલ-વસ્તી રાખવાનો વિચાર ૧૯૫૭ના પહેલા સ્વાતંત્ર્યજંગ બાદ બ્રિટિશોને સ્ફુર્યો. બ્રિટિશોએ એ સ્વાતંત્ર્યજંગને સિપાઈઓના બળવાને નામે ઓળખાવ્યો છે.

કહેવાતા બંડખોરો, બહારવટિયા, ડાકુઓ અને રાજદ્રોહીઓને દેશનિકાલ કરી દઈને મોકલવા માટે ત્યારે આંદામાનની પસંદગી થઈ હતી. માર્ચ ૧૯૫૮માં ૨૦૦ સિપાઈ બંડખોરોનો પહેલો જથ્થો આંદામાન મોકલાવ્યો હતો. એને કાળા પાણીની સજા કહેવામાં આવતી. એ પછીના ત્રણ માસમાં એવી કેદીઓની સંખ્યા ત્યાં ૭૭૩ થઈ ગઈ હતી. એવું પણ મનાય છે કે ૧૯૫૮ થી ૧૯૬૦ના સમય દરમ્યાન દેશના જુદા જુદા ભાગોમાંથી ૨૦૦૦ થી ૪૦૦૦ જેટલા સ્વાતંત્ર્યસેનાનીઓને આંદામાન ધકેલાયા હતા. એ પૈકીના લગભગ બધા જ ત્યાંના જુલમ-દમન-કષ્ટ-યાતનાઓ સહન કરતા કરતા કાળનો કોળિયો બની કુરબાન થઈ ગયા ને જેમણે ભાગી જઈને આંદામાનનાં જંગલોમાં આસરો લીધો તે પણ મોતના જડબામાંથી ન બચી શક્યા.

એ પછી લગભગ એક સદી બાદ ૧૫ ઑગસ્ટ ૧૯૫૭ના રોજ આંદામાનના પોર્ટ બ્લેરના મરીના પાર્કમાં પહેલા સ્વાતંત્ર્યસેનાનીના બલિદાનની સ્મૃતિમાં શહીદસ્તંભ સ્થાપવામાં આવ્યો. કાળા પાણીની સજાની પદ્ધતિ એ પછી તો ૧૯૪૬થી બંધ કરવામાં આવી હતી. અંગ્રેજ રાજ્યકર્તાઓને ડર હતો કે જો રાજદ્વારી બંદીઓને ભારતીય જેલોમાં રખાશે તો તેમના સંપર્કથી બીજા સાધારણ કેદીઓ પણ બંડખોર વિચારધારા ધરાવતા થઈ જશે, એટલું જ નહિ, પણ એમને બધાને એક સાથે એક જ બૅરકમાં રાખવામાં આવશે તો તે બધા ભેગા થઈને કોઈને કોઈ ષડ્યંત્ર ઘડશે, એટલે એવો નિર્ણય થયો કે રાજદ્વારી બંદીઓને કોઈક દૂરની જગ્યાએ કાળી કોટડીઓમાં રાખવામાં આવે. એટલા માટે જ ૫૯૦ કાળી કોટડીઓવાળી સેલ્યુલર જેલને તૈયાર કરીને પસંદ કરવામાં આવી.

ઈ.સ. ૧૮૮૯માં એ કાળી કોટડીઓમાં સૌ પ્રથમ વાર આશરે ૮૦ ક્રાંતિકારીઓને રાખવામાં આવ્યા. એ પછી આપણા સ્વતંત્ર્યસંગ્રામમાં ઇ.સ.૧૯૦૯ થી ૧૯૨૧ના પહેલા તબક્કામાં કુલ ૧૩૨ રાજદ્વારી બંદીઓને આંદામાન ધકેલવામાં આવ્યા. એ પછી ઇ.સ.૧૯૩૨ થી ૧૯૩૮ના અરસામાં આઝાદીસંગ્રામના બીજા તબક્કામાં બીજા ૩૭૯ જેટલા રાજદ્વારી બંદીઓને સેલ્યુલર જેલમાં ધકેલવામાં આવ્યા.

જુલાઈ ૧૯૩૭માં જ્યારે ભારતના સાત પ્રાંતોમાં કોંગ્રેસે પોતાનાં પ્રધાનમંડળ રચ્યાં ત્યારે રાજદ્વારી બંદીઓને આંદામાનની જેલમાંથી પાછા પોતાના ભારત રાષ્ટ્રમાં બોલાવવાની માગણી થઈ, પણ વારંવાર થયેલી આ માગણી, અપીલો ને તેના સમર્થનમાં થયેલ દેખાવોને સફળતા ન મળી ત્યારે ૨૪ જુલાઈ ૧૯૩૭ થી ૧૮૩ રાજદ્વારી બંદીઓ સતત ૩૭ દિવસો સુધી ભૂખ હડતાળ પર ઊતરી ગયેલા. આ ઘટનાથી સમગ્ર દેશમાં ચકચાર ને વિરોધવંટોળ ઊઠવા પામ્યાં ને વળી ભારતની બીજી જેલોમાં ય બીજા કેદીઓ પણ એ માગણીના સમર્થનમાં ભૂખ-હડતાલ પર ઊતરી ગયા ને સમગ્ર રાષ્ટ્રમાં એના ટેકામાં દેખાવો થયા. છેવટે સરકારે નમતું જોખી ૨૨ સપ્ટેમ્બર ૧૯૩૭ના રોજ આંદામાનથી રાજદ્વારી બંદીઓની પેહલી ટુકડી ભારત આવવા રવાના કરી. આમ છતાં, ૧૯૪૬માં જ્યાંસુધી એ સજા કાનૂન-ધારામાંથી રદ ન થઈ ત્યાં સુધી ફોજદારી અપરાધ બદલ ગુનેગાર સાબિત થનાર આરોપીઓને આંદામાનની દેશનિકાલ સજા ફરમાવવામાં આવતી હતી.

અલીપુર બોમ્બ કાંડ ષડ્યંત્ર, નાસિક ષડ્યંત્ર કેસ, લાહોર ષડ્યંત્ર કેસના ગદર પાર્ટીના ક્રાંતિકરીઓનો બનારસ ષડ્યંત્ર કેસ, ચટગાંવ શસ્ત્રાગાર કેસ, ડેલહૌસી સ્ક્વેર બોંબકેસ, ઢાકા ષડ્યંત્ર કેસ, રાજેન્દ્રપુર રેલવે લૂંટકેસ ને બર્મા ષડ્યંત્ર કેસના રાજદ્વારી બંદીઓને બ્રિટિશ શાસને દેશનિકાલ કરી આંદામાનમાં ધકેલી દીધા હતા.

રાજદ્વારી બંદીઓ સિવાય અન્ય પણ બ્રિટિશ શાસનનો વિરોધ કરી બંડ પોકારનાર ક્રાંતિકારીઓને આંદામાનની સેલ્યુલર જેલમાં ધકેલી દેવામાં આવતા હતા, જેમાં વહાબી ક્રાંતિ, મલબાર તટના મોપલા બંડખોરો, આંધ્રના રાજ્ય-ક્રાંતિકારીઓ, મણિપુર ને બર્માના મારવાડી ક્રાંતિના કિસાન ક્રાંતિકારીઓનો સમાવેશ થાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ જેલજીવન ઘણું અમાનવીય અને નિર્દય જુલમથી સભર હતું. કેદીઓને ઓછો ખોરાક ને વસ્ત્રો અપાતાં અને બહુ જ થાક લાગે તેવું પરિશ્રમવાળું કામ તેમની પાસે કરાવાતું. એવા કામની ટેવ ન હોવાથી એમનાથી એ કામ ન થઈ શકતું તો તેમના પર દમન થતું ને તેમને ભયંકર સખત સજા અપાતી, એ રીતે તેમનું મનોબળ ભાંગી નાખવાનો ઉદ્દેશ હતો. એમને વળી હળમાં બળદની જગ્યાએ જોડવામાં આવતા, તદ્દુપરાંત નારિયેળના રેસા કાઢવા, તેને છૂંદીને દોરડાં બનાવવાં, પહાડ કોરવા, જંગલો સાફ કરવાં, રસ્તા બનાવવા, ખાડા-ખાઈ પૂરવાં વગેરે જેવાં ખૂબ શ્રમનાં કામો તેમની પાસે કરાવાતાં. ઘણું ખરાબ ને ભયંકર કામ તો ખૂજલી થાય ને ખજવાળવાથી લોહી નીકળે તેવા રામથોસ નામના ઘાસમાંથી દોરી બનાવવાનું કામ તેમને અપાતું હતું.

આપણા સ્વાતંત્ર્યસેનાનીઓની કુરબાનીની સ્મૃતિમાં ને એમના સન્માન પેટે ૧૧ ફેબ્રુઆરી ૧૯૭૯ના રોજ ત્યારના વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ આંદામાનની એ જેલને રાષ્ટ્રિય સ્મારક તરીકે જાહેર કરી અને ત્યાં સ્વાતંત્ર્ય-સેનાનીઓનાં બલિદાનોની યાદ આપે તેવું સંગ્રહાલય પણ યોજાયું.

આમ, સેલ્યુલર જેલનું ભયંકર સ્થળ આપણી આઝાદી માટે અપાયેલ ભવ્ય કુરબાનીની યાદ આપનારું સ્મારક હવે બન્યું છે જે કહે છે, કે 'આઝાદી આપણને સહેલાઈથી નથી પ્રાપ્ત થઈ.'

---

**(અનુસંધાન પૃ. ૧૪ નું ચાલુ)**

પાદટીપ

૧. 'વઢવાણ સંસ્થાનની હકીકત' (ઇ.સ. ૧૮૮૬) પૃ.૧ (વ.સં.હ)
૨. એજન, પૃ.૩ ૩. એજન, પૃ.૪ ૪. એજન, પૃ.૪
૫. જેઠમલ સ્વામી 'દાજીરાજનું જીવનચરિત્ર' (ઇ.સ.૧૯૪૧) પૃ. ૮૭. ૬. 'વ.સં.હ', પૃ.૫
૭. વિજય ધર્મસૂરિ (સં.) 'પ્રાચીન લેખસંગ્રહ' ભાગ-૧ લેખનં-૨ (પ્રા.લં.સં.)
૮. એજન, લેખ નં-૪ ૯. 'વ.સં.હ', પૃ.૮
૧૦. ર.છો. પરીખ અને હ.ગં.શાસ્ત્રી (સં) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ-૪, પૃ.૫૦ (ગુ.રા.સા.ઇ) ૧૧. એજન, પૃ.૧૧૯
૧૨. એજન, પૃ. ૧૨૦ તથા મેરુતુંગ 'પ્રબંધ ચિંતામણિ', પૃ. ૭૯ (પ્ર.ચિ)
૧૩. એજન, પૃ. ૬૦ તથા મેરુતુંગ 'પ્ર.ચિ.' પૃ. ૭૯ ૧૪. એજન, પૃ. ૮
૧૫. પ્રા.લે.સં., લેખ નં-૭ ૧૬. એજન, લેખ નં-૧૫
૧૭. એજન, લેખ નં-૨૪ ૧૮. એજન, લેખ નં-૨૫
૧૯. દ્વયાશ્રય સં. ૧૬ શ્લો ૧૪ તથા ગુ.રા.સાં.ઇ. ગ્રંથ-૪, પૃ. ૧૨૦
૨૦. ઉપર્યુક્ત 'પ્ર.ચિં.' પૃ. ૯૬ તથા 'ગુ.રા.સાં.ઇ.' ગ્રંથ-૪, પૃ. ૧૨૦
૨૧. ગુ.રા.સાં.ઇ. ગ્રંથ-૪, પૃ.૨૨૦
૨૨. विविधतीर्थकल्प, पृ. ७८
बार संवय छासट्ठे विक्रम संवच्छरे देवाणंदसूरिंहि पडट्ठिए ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વઢવાણ આનુશ્રુતિક દષ્ટિએ

શ્રી. પરેશ પી. મહેતા

**વઢવાણ શહેર અને જૂની હકીકત :-**

હાલ જે ઠેકાણે વઢવાણ શહેર છે ત્યાં શ્રીકૃષ્ણના વખતમાં કહે છે કે એક મણિપુર નામે શહેર વસેલું હતું, જ્યાં પાંડવો માંહેના અર્જુનનો દીકરો બભ્રુવાહન રાજ કરતો હતો.[1]

જૈન શાસ્ત્રમાં સાડા ૨૫ ૧/૨ આર્ય દેશો કહ્યા છે. આ દેશોમાં ધર્મસંબંધી કોઈ અડચણ વગર જૈન લોકો જઈ શકે છે તેથી તેને આર્ય દેશો કહે છે. પંચાલમાં કપિલપુર મુખ્ય શહેર હતું, જ્યાં મહાવીર સ્વામીની પહેલાં ઘણી મુદત ઉપર (ઇ.સ.પૂર્વે ૫૦૦૦ વર્ષ ઉપર) બ્રહ્મદત્ત રાજા રાજ કરતો હતો.[૨] આ બ્રહ્મદત્ત રાજા વિષે 'સુકનાવલી' નામના પુસ્તકમાં નીચે મુજબ હકીકત લખેલ છે :

'બ્રહ્મદત્ત નાની વયનો હોવાથી તેના બાપે મરતી વખતે રાજ્યનો કારભાર તેના વજીરને સોંપ્યો હતો, જે પાછળથી નિમકહરામ થયો અને જ્યારે બ્રહ્મદત્તના જાણવામાં આ વાત આવી ત્યારે તેણે વજીરને ઠપકો આપ્યો, પણ વજીરે આ ખરાબ ચાલ છોડવાને બદલે તેની માના કાન ભંભેર્યા (બ્રહ્મદત્તના વિરુદ્ધ સમજાવી), જેથી તેણીએ એક લાખનો મહેલ બનાવ્યો અને તેમાં બ્રહ્મદત્તને સૂવા મોકલીને તે મહેલને આગ લગાવી.

આ થતું હતું ત્યારે ઘાતકી ઇરાદા તથા ભયંકર મહેલ સંબંધી કહીકત બ્રહ્મદત્તના એક કારભારીના જાણવામાં આવી, જે ઉપરથી તેણે પોતાની નોકરી છોડી અને કપિલપુરથી થોડાક ગાઉ ઉપર નદીના કાંઠે એક દાનશાળા બાંધી તેમાં રહ્યો. તેણે આ દાનશાળાથી નવા બનતા મહેલ સુધી એક સુરંગ (જમીનની અંદર છૂપો રસ્તો) કરાવી. જ્યારે મહેલ સળગ્યો ત્યારે બ્રહ્મદત્તને તેના કામદારનો દાકરો સુરંગમાં થઈને દાનશાળામાં લાવ્યો અને તેનો જાન બચાવ્યો. મહેલ બળીને ભસ્મ થઈ ગયો. આ પ્રમાણે થયા પછી બ્રહ્મદત્ત તથા તેના કારભારીએ છાની રીતે પોતાનો દેશ છોડી દીધો. ત્યાર પછી કેટલાંક વર્ષે તેઓ પાછા ઘેર આવ્યા અને રાજ્યની લગામ પોતાના હાથમાં લઈ વજીરને માર્યો તથા પોતાની માને કાઢી મૂકી.'[૨]

એવું અનુમાન થાય છે કે હાલ આ જગ્યાએ ધ્રાંગધ્રાનું ગામ કાત્રોડી છે ત્યાં કપિલપુર હતું અને દાનશાળા વઢવાણ સિવિલ સ્ટેશનની નજીક 'ધોળીધજા' નામની જગ્યા છે ત્યાં હતી. ધોળીધજાનું ભોયરુ (સુરંગ) બ્રહ્મદત્તના કારભારીના બનાવેલ રસ્તાનો ભાગ હોય એમ અનુમાન થાય છે.

**મહાવીર સ્વામી :-**

આશરે ૨૫૦૦ વર્ષ પૂર્વે વઢવાણમાં કેટલીક મુદત સુધી જૈનના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી રહ્યા હતા એમ કહેવાય છે. આ વાતને જૈનના 'કલ્પસૂત્ર' માંહેં ની લખેલી વાતથી પુષ્ટી મળે છે.

'એક મુસાફર વેપારી નામે ધનદેવ તેનાં પાંચસો ગાડાં સહિત વેગવતી (હાલમાં વઢવાણ પાસે ભોગવતી અગર ભોગાવો કહેવાય છે તે) નદી ઊતરતાં તેનો એક બળદ થાકી ગયો, વળી તેને નદીની રેતીમાં થઈને ઘણાં ગાડાં લઈ જવાનો શ્રમ પડવાથી તે નકામો થયો.વેપારીએ બળદને શહેરના (તે વખતે શું નામ હશે તે જણાયું નથી) લોકોને સોંપ્યો અને તેમને કેટલાક પૈસા આપી તે બળદની સારી રીતે સંભાળ રાખવા કહ્યું, પરંતુ લોકોએ તેની સંભાળ રાખી નહીં અને આખરે ભૂખ-તરસથી તે બળદ મરી ગયો. આ બળદ મરીને શુળપાણ નામે યક્ષ થયો. આ વેરભાવથી તેણે શહેરના ઘણા લોકો ને તેમનાં ઘોડા જાનવરો સહિત મારી નાખ્યા, આથી ત્યાં હાડકાંનો મોટો ઢગલો થયો અને તેને લીધે શહેરનું નામ બદલાઈને 'અસ્થિગ્રામ' અથવા 'અઠાઈગ્રામ' પડ્યું.[૩]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શુળપાણ યક્ષ :-**

'મહાવીર સ્વામી મુસાફરી કરતા અને જુદી જુદી જગ્યાએ ચોમાસુ ગુજારતા હતા. એક ચોમાસાની ઋતુમાં રહેવા સારુ તેઓ 'અસ્થિગ્રામ' આવ્યા અને તે યક્ષના નામથી પોઠિયાની સ્થાપના લોકોએ કરી પૂજા કરતા હતા ત્યાં ઊતર્યા. તેની પ્રતિમા સ્થાપી ત્યારથી કોઈ વધારે ખૂન અથવા નુકસાન કરવું યક્ષે બંધ કર્યું હતું, પરંતુ એ જગ્યાએ કોઈએ ઊતરવું નહીં એમ યક્ષે હુકમ કર્યો હતો. યક્ષના આ હુકમથી વિરુદ્ધ મહાવીર સ્વામીએ કર્યાથી યક્ષે મહાવીર સ્વામીને હરકત કરવા માંડી, પણ તેનો સઘળો પ્રયત્ન નિષ્ફળ ગયો. યક્ષને આ પ્રમામે મહાવીર સ્વામીની મહત્તાની ખાત્રી થઈ ત્યારે પોતે તેનો શિષ્ય થયો અને તેના મંદિરમાં મહાવીર સ્વામીનાં પગલાંની સ્થાપના કરાવી દીધી. આ જગ્યા આ કારણથી તીર્થને માટે પ્રખ્યાત થઈ અને ઘણા દૂરદૂરથી જૈન લોકો દર્શન કરવા આવવા લાગ્યા. આ વખતથી અસ્થિગ્રામ શહેરનું નામ બદલાઈને મહાવીર સ્વામી જે વર્ધમાન સ્વામી કહેવાય છે તેમના નામ ઉપરથી 'વર્ધમાનપુર' અથવા 'વર્ધમાનપુરી' નામ પડ્યું.'[૪]

**વર્ધમાનપુર :-**

વઢવાણ હાલ પણ વર્ધમાનપુર કહેવાય છે અને વઢવાણથી પૂર્વ તરફ ભોગાવા નદીના દક્ષિણ કિનારે આશરે અડધા ગાઉ ઉપર દેવળમાં મહાવીર સ્વામીનાં પગલાં અને શુળપાણ યક્ષનો પોઠિયો છે આ દેવળ તથા વઢવાણ શહેર જૈન લોકોની જાત્રાની એક જગ્યા છે એમ આજ સુધી ગણાય છે. પ્રખ્યાત કવિ શામળ ભટ્ટે પણ તેની 'સૂડા બહોતેરી'ની કલ્પિત વાર્તામાં લખ્યું છે કે 'જૈન ધર્મના એક જતીએ વઢવાણની ઘણી જાત્રાઓ કરી હતી.'

**ગંધર્વસેન :-**

ઉજ્જૈનના પ્રખ્યાત રાજા વિક્રમનો પિતા ગંધર્વસેન ત્રંબાવટી (હાલ ખંભાત કહે છે તે)માં રાજ કરતો હતો ત્યારે તેણે કેટલોક વખત વઢવાણમાં પણ રાજ કર્યું હતું એમ કહેવાય છે. કદાચ વઢવાણ તેનું રાજધાનીનું શહેર નહીં હોય તોપણ તે રાજાના તાબામાં તો ખરેખર હોવું જ જોઈએ, કેમકે 'ગધેપીડી' નામનું એક તળાવ આવેલું છે[૫] તથા જૂના 'ગધૈયાં' નામના સિક્કા (આ બંને ગંધર્વસેનના નામથી કહેવાતા હોય એમ) વઢવાણથી પશ્ચિમ તરફ આશરે અડધા માઈલની અંદરમાં કે જ્યાં પૂર્વે વર્ધમાનપુર વસેલું હતું[૬] એમ કહેવાય છે ત્યાં માલૂમ પડે છે.

**રાજાઓ અને તેમનો સમય :-**

જૂના શહેર તરીકે વઢવાણ જેટલું પ્રખ્યાત છે તેટલું જૂના સંસ્થાન તરીકે પ્રખ્યાત નથી. હળવદના ચંદ્રસિંહજીના મોટા દીકરા પ્રથીરાજજીએ વિક્રમના સત્તરમા સૈકાની અધવચ એટલે સંવત ૧૬૯૦ના અરસામાં વઢવાણનું હાલનું રાજ્ય સ્થાપન કર્યું તે પહેલાં વઢવાણ કોના તાબામાં કેટકેટલી મુદત રહ્યું અથવા તે કોઈ વખત કોઈ રાજાનું મુખ્ય શહેર હતું કે નહીં તે વિશે ચોક્કસ જાણવામાં આવતું નથી, પરંતુ તવારીખ, દંતકથા, શિલાલેખો ઉપરથી નીચેની લખેલ હકીકત મળી આવે છે.

આ સોરઠો લોકોમાં સાધારણ રીતે બોલાય છે :

'વળા ને વઢવાણ, પાટણ શહરે પછી વસ્યું'.

આ ઉપરથી અણહીલવાડ પાટણ સંવત ૮૦૨ની સાલમાં વસ્યું તે પહેલાંનું વઢવાણ શહેર વસેલું હતું, એટલું જ નહીં, પણ વળા અને પાટણ જેવાં રાજધાનીનાં શહેરોના દરજ્જાનું વઢવાણ હતું એમ અનુમાન કરી શકાય છે.

(૧) વલભીના વાળા રાજપૂત રાજાની તારીફમાં ભાટ લોકો નીચે લખેલ દૂહો બોલે છે :

'વઢવાણે એભલ વસે, લે સમીપ બે લાખ,
ભાલે ઇંરાની ભંજિયો, સૂરજ પૂરે શાખ.'



For Private and Personal Use Only

આ દૂહામાં લખેલો એભલ વલભીનો રાજા ઇ.સ.૨૯૫ (સંવત ૩૫૧)માં થયો. તે વઢવાણમાં રહેલો અને ઇરાનના કોઈ સરદાર સાથે લડાઈ થઈ હતી. આ હકીકત ઉપરથી અનુમાન થઈ શકે છે કે વઢવાણ કેટલીક મુદત સુધી વલભીના તાબામાં રહ્યું હશે.

(૨) ઇ.સ.૭૧૭ (સંવત ૭૭૩)ના એક તામ્રપત્રમાં લખેલું છે કે વઢવાણમાં 'ચાપ' (ચાપોત્કટ એટલે ચાવડા) વંશનો ધરણીવરાહ રાજા રાજ્ય કરે છે અને તે રાજા મણિપાળદેવના તાબામાં છે (આ મણિપાળદેવ વલભીનો રાજા હશે એમ અનુમાન થાય છે), તેથી પાટણ વસ્યા પહેલા પંચાસર, દીવ અને સૌરાષ્ટ્રનાં કંઠાળનાં કેટલાંક ગામો ઉપર ચાવડાનો અમલ હતો એ વાત તવારીખોમાં પ્રસિદ્ધ છે. તે જોતાં વઢવાણ કેટલીક મુદત સુધી ચાવડાના હાથમાં રહેલું કહેવાને મજબૂત કારણ મળે છે.

ત્યારબાદ સિદ્ધરાજ, કુમારપાળ, વીરધવલ ને વિશળદેવની ઐતિહાસિક હકીકત વાંચીએ છીએ તે ઉપરથી તથા વઢવાણ શહેરનાં જૂનાં બાંધકામો અને શિલાલેખો ધ્યાનમાં લેતાં કહી શકાય છે કે ચાવડા પછી પાટણમાં થયેલા સોલંકી અને વાઘેલા રાજાઓના તાબામાં વઢવાણ વિક્રમના ચૌદમા સૈકાની અધવચ સુધી રહેલું હતું.

ઉપરની હકીકત ઉપરથી જણાય છે કે વિક્રમના સત્તરમા સૈકાની અધવચમાં પ્રથીરાજજીએ વઢવાણમાં રાજ્યની સ્થાપના કરી તે પહેલાં વઢવાણ શહેર જુદાં જુદાં રાજ્યોના તાબામાં રહ્યું હતું, પરંતુ તે કોઈપણ વખતે કોઈ પણ વંશના રાજાઓનું રાજધાનીનું શહેર થયું હોય એટલે ખાસ વઢવાણનું જ રાજ્ય કહેવાતું હોય એવું માલૂમ પડતું નથી.

**વઢવાણ અભિલેખોની દૃષ્ટિએ :-**

૧. संवत ११३६ फाल्गुन वदि ४ श्री अंडालिजीय गच्छे श्री
२. जीवदेवाचार्यसंताने कुंभानाज प्रतिबद्ध सोढसुता शांतिना स्वश्रे
३. योर्थ श्रीशान्तिनाथप्रतिमा कारापिता[७].

જ્યારે એ જ મોટા દેરાસરની ભમતીમાં પરિકરની નીચે આ પ્રમાણે લેખ છે :

१. संवत ११७४ फाल्गुन वदि ५ श्रीसरवालसंस्थित
२. गच्छप्रतिपालक श्रीजिनेश्वराचार्य श्रीवर्धमानपुरे परि-महण
३. सुत.....तन्नेन......देवश्रेयार्ध श्री सी(शी)तलदेवप्रतिमा कारिता.[८]

આ લેખમાં વર્ધમાનપુરનો ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ પાટણના કે અન્ય કોઈ રાજવીનું નામ મળતું નથી. આ સમય દરમ્યાન અણહિલ્લપાટક (અણહિલવાડ)માં ચાપોત્કટ (ચાવડા) સત્તાનો અંત આવી ગયો હતો અને ત્યાં ચૌલુક્ય (સોલંકી) વંશની સત્તા સ્થપાઈ ચૂકી હતી. ઉપર્યુક્ત લેખોના સમય દરમ્યાન પાટણમાં મૂળરાજ ૧લો (વિ.સં. ૯૯૮-૧૦૫૩), ચામુંડરાજ (વિ.સં.૧૦૫૩-૧૦૬૬), વલ્લભરાજ (વિ.સં. ૧૦૬૬-૬૭), દુર્લભરાજ (વિ.સં. ૧૦૬૭-૧૦૭૮) અને ભીમદેવ ૧લો (વિ.સં.૧૦૭૮-૧૧૨૦) સત્તા ભોગવી ચૂક્યા હતા. તેમના રાજ્યઅમલ દરમ્યાનના કોઈ અભિલેખો વઢવાણમાંથી પ્રાપ્ત થયા નથી. ઉપર્યુક્ત અભિલેખો પાટણપતિ કર્ણદેવ ૧લા (વિ.સં.૧૧૨૦-૧૧૫૦)ના અને ત્યારબાદ સોલંકી રાજ્યને સમૃદ્ધિના શિખરે પહોંચાડનાર રાજવી સિદ્ધરાજ જયસિંહના રાજ્ય-અમલ દરમિયાનના છે.

સોલંકી રાજવી સિદ્ધરાજનો નામોલ્લેખ ધરાવતો એક અભિલેખ મળ્યો છે, જે વઢવાણ ઉપર સોલંકી સત્તાનો સૂચક ગણાય. વઢવાણની બાજુમાં જ વહેતી ભોગાવો નદીમાં કેટલાક કુંડ હોવાનું નોંધાયું છે અને લોકો 'શેષશાયી ભગવાનના કુંડ' કહેતા. સિદ્ધરાજના સમકાલીન જૂનાગઢના રાજવી રા'ખેંગાર ઉપર વેર લેવા જતી વખતે સિદ્ધરાજે ચડાઈની તૈયારી માટે થોડો સમય વઢવાણમાં મુકામ રાખેલો. આ વખતે એણે વઢવાણ ફરતો કિલ્લો કરાવ્યાનું કેહવાય છે; જો કે આ ગઢ પાછળથી થયેલી લડાઈમાં ધ્વસ્ત થયેલો ને આજનો ગઢ ત્યાર પછી બનેલો. સંભવ છે કે તેને કારણે



For Private and Personal Use Only

કોઈ અભિલેખ તેમાં બચ્યો નહીં હોય.

જે કુંડની ઉપર મુજબ વાત કરી તે કુંડની નિશાનીઓ વઢવાણ રાજ્ય સમયે જોવા મળેલી, આથી વઢવાણ રાજ્યે ત્યાં ઉત્ખનન કરાવતા એક કુંડ મળી આવેલો. લોકો એ કુંડને પવિત્ર માની તેમાં સ્નાન કરતા. વિ.સં.૧૯૩૭ની સાલમાં મળી આવેલો આ કુંડ 'કરશન કૂવા' સામે ઉપરના કાંઠે માળીના કૂવા પાસે હતો. તેમાં ભગવાન શેષશાયીની મૂર્તિની પીઠિકા ઉપર નીચે પ્રમાણે લેખ વંચાયો હતો તેમ વઢવાણ રાજ્યે નોંધ્યું છે :

संवत ११९२ श्रावण वदि ११ वधि सिद्धराज जयसिंह राजकुमार वाहड नारायण रद्य ॥[९]

સિદ્ધરાજ જયસિંહ વિ.સં. ૧૧૯૨ના માગસર સુધીમાં તો માળવા ઉપર અધિકાર ધરાવતો થઈ ગયો હતો ત્યાર પહેલાં એણે સોરઠ ઉપર વિજય મેળવી લીધો હશે. 'સિદ્ધચક્રવર્તી' બિરુદ એના આ વિજયને લઈને પડ્યું હશે. આગળ જતા પ્રબંધોમાં 'જયસિંહ' ના બદલે 'સિદ્ધરાજ' નામ પ્રચલિત બન્યું.[૧૦] વઢવાણના કુંડનો ઉપર્યુક્ત લેખ સિદ્ધરાજ જયસિંહના નામોલ્લેખના કારણે નોંધપાત્ર છે.

કુમાર વાહડ પણ જાણીતું નામ છે. વાહડ ઉદયન મહેતાનો પુત્ર હતો.[૧૧] તે કુમારપાળનો મહામાત્ય (વિ.સં. ૧૨૧૩) હતો.[૧૨] અહીં ઉલ્લિખિત 'કુમારવાહડ' એ ઉદયનનો પુત્ર વાહડ હોય તો એનો પિતા ઉદયન સિદ્ધરાજના રાજ્યકાળના અંતિમ સમયમાં સ્તંભતીર્થમાં હતો.

એક બીજી શંકા પણ ઉદ્ભવે છે કે 'કુમાર' વિશેષણ વાહડ માટે વપરાઈ શકે નહિ. સામાન્યતઃ રાજપુત્રને 'કુમાર' સંજ્ઞાથી ઓળખવામાં આવતો સંભવે છે કે વાંચનારે चाहकडने બદલે वाहड વાંચ્યું હોય તો કુમાર ચાહડને સિદ્ધરાજે પોતાનો પુત્ર માનેલો.[૧૩]

આ બધાં અનુમાનો છે હકીકત તો એ છે કે સિદ્ધરાજની સત્તા વઢવાણ સુધી વિસ્તરેલી હતી અને તેની ખાતરી કરાવતો કુંડ વઢવાણની ભોગાવો નદીના કિનારે હતો, જે આજે નષ્ટ થયો છે કે રેતીના થરો નીચે દબાઈ ગયો છે.

એક નોંધ એવી પણ મળે છે કે જૈન ધર્મનાં પાર્શ્વનાથ તથા ચક્રેશ્વરીની મૂર્તિઓ વઢવાણ રાજ્યના વખતે દોઢસો- એક વર્ષો પહેલાં તૂટી ગયેલા કિલ્લા માટે પથ્થરોની ખાણ ખોદતાં મળી આવી, એથી લોકોએ તે મૂર્તિઓ હસ્તગત કરી તેને 'ભૈરવ' અને 'વાઘેશ્વરી' નામ આપીને સ્થાપન કરેલ, જે આજે પણ પૂજાય છે.[૧૪] એના ઉપર કોઈ લખાણ હોવાની નોંધ નથી.

પરંતુ સંવત ૧૧૯૪નો એક લેખ વઢવાણના મોટા દેરાસરના પરિકર નીચે આ પ્રમાણે લખાયેલો છે :

संवत ११९४ माघ शुदि ६ भू(भौ)मे श्रीवर्धमानपुरे श्रीसरवालगच्छे श्रीजिनेश्वराचार्यसंताने ठ देवानंदेन स्वमातुः सज्जणिश्रेयार्थे श्रीविमलनाथप्रतिमा कारापिता ॥[१५]

વઢવાણના જૈનના મુખ્ય દેરાસર માહેની ઋષભદેવની પ્રતિમાના બેસણીના પથ્થર ઉપર સંવત ૧૧૯૪ની સાલનો એક શિલાલેખ છે. આ શિલાલેખનો બીજો ભાગ વાંચી શકાતો નથી આ પ્રતિમા સાથેનો પથ્થર પણ ભોંયરા પા નામના સ્થળેથી મળ્યો હતો એમ કહેવાય છે :

संवत १२१२ माघ शुदि ११ श्रीवर्धमानपुरे श्रीसरवालगच्छे श्रीजिनेश्वराचार्यसंताने उगम चंडसुतेन वौसिना मातुः मोहिणीश्रेयार्थ ....श्री वास(सु)पूज(ज्य)प्रतिमा कारिता ॥[१६]

આમ જૈન પરંપરામાં સામાન્યતઃ ગચ્છનું નામ, આચાર્યનું નામ તેમજ પ્રતિમા કરાવનારનું તથા તેનાં માતા કે પિતાનું નામ જોવા મળે છે. ક્યારેક નગરના નામનો ઉલ્લેખ પણ થતો હોય છે. એ જ પ્રમાણે સરવાલ ગચ્છ સુરેન્દ્રનગર જિલ્લાના મેથાન પાસેના એવા જ એક પ્રાચીન સ્થળ સરવાલની સ્મૃતિ કરાવે છે. વર્ધમાનપુર (વઢવાણ)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નો ઉલ્લેખ અવારનવાર થતો રહ્યો છે.

संवत १२२५ वर्षे.....फागण शुदि ६.......

સંવત પછીનું લખાણ બાળબોધ લિપિને મળતી કોઈ અન્ય લિપિમાં હોવાથી વાંચી શકાતું નથી. કોઈ વિદ્વાન એ માટે વધુ પ્રયત્ન કરે તો વિશેષ પ્રકાશ પાડી શકે એવી નોંધ વઢવાણ રાજ્યે કરેલી, પરંતુ આજે એ લેખ પણ ક્યાંય જોવા મળ્યો નથી.

વઢવાણમાં બે વાવો લાખુવાવ અને ગંગાવાવ તરીકે ઓળખાય છે. આ બન્ને વાવો વીશળ વાઘેલીની લાખુ અને ગંગા નામની બે ખવાસણોએ બંધાવેલી કહેવાય છે. લાખુવાવમાં કોઈ શિલાલેખ નથી, પણ ગંગાવાવમાં એક સંવત ૧૨૨૫ની સાલનો છે. આ શિલાલેખ તેના એક સ્તંભ ઉપર ઘણો લાંબો કોતરેલો છે અને તે એટલો બધો ઘસાઈ ગયો છે કે તેનો થોડો ભાગ જ વાંચી શકાય છે. તોપણ તેને ૧૯૩૬ની સાલમાં વાંચવાનો પ્રયત્ન કરાયો અને તે સ્તંભ ઉપર પાણીથી લીલ વળી ગયેલી તે દૂર કરાવી તથા હોશિયાર વાંચનારાઓમાં કર્નલ વૉટસન સાહેબના મોકલેલ માણસો પણ હતા.

વઢવાણના મોટા દેરાસરમાં મહાવીર સ્વામીની કાળા આરસમાંથી કંડારાયેલી એક સુંદર પ્રતિમા છે તેમાં...

सं १२४३ वर्ष कार्तिक वदि पू.भो(भौ)मे श्राविका घांटींणनामश्रेयार्थे महावीरबिंब कारापिता ॥[१७]

શ્રાવિકાનું ઘાંટીણ નામ વઢવાણની ખાંડીપોળનું સ્મરણ કરાવે છે. તેણે મહાવીર સ્વામીની પ્રતિમા કરાવ્યાનું નોંધેલ છે :

संवत १२४९ वर्षे ज्येष्ट(ष्ठ) सुदि १० बुधे श्री यादूसुता रत्नी तस्याः स्वपत्न्याश्रेयार्थ श्रेः छाहडेन श्रीनेमिनाथबिंब कारितं श्री देवानंदसूरिभिः प्रतिष्ठाष्ठितं ॥[१८]

શ્રેષ્ઠી છાહડ કે ચાહડ તે સમયનું જાણીતું નામ હતું. એ નામના બે ઉલ્લેખો મળે છે; એક ચાહડ કુમારપાળની હસ્તિશાળાનો ઉપરી હતો[૧૯] અને બીજો ચાહડ ઉદયન મંત્રીનો પુત્ર હતો.[૨૦]

અત્યાર સુધી જિનેશ્વરાચાર્યસંતાનોની બોલબાલા હતી. જિનેશ્વરાચાર્ય અને એમના ભાઈ બુદ્ધિસાગરસૂરિ એ બે ગુરુભાઈઓ હતા.[૨૧] તેમની સાથે આ જિનેશ્વરાચાર્યને કોઈ સંબંધ જણાતો નથી, જ્યારે દેવાનંદસૂરિએ સંવત ૧૨૬૬માં પાટણમાં કોકા વસહીના જિનમંદિરની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવી હતી.[૨૨] આ જો દેવાનંદસૂરિ હોય તો વઢવાણ તે વખતે પણ જૈનો માટે મહત્ત્વનું સ્થળ હોય તેમ જણાય છે.

**માધાવાવ :- (સંવત. ૧૩૫૦)**

પાટણના છેલ્લા રાજા વાઘેલા કરણના માધવ અને કેશવ નામના કારભારીઓ હતા. આ વાત પ્રખ્યાત છે કે માધવની પત્નીને રાજા બળજબરીથી લઈ ગયો અને માધવના ભાઈ કેશવને મારી નાખ્યો. આ ઉપરથી માધવ દિલ્હી ગયો અને અલ્લાઉદ્દીન બાદશાહની ફોજ લાવીને સંવત ૧૩૫૨ની સાલમાં કરણના રાજ્યનો છેડો આણ્યો. વઢવાણ શહેરના પશ્ચિમ ભાગમાં સર્વથી મોટી વાવ એ માધાવાવ છે. આ વાવ એ જ માધવે બંધાવી છે અને તેમાં બે નાની પથ્થરની પ્રતિમાઓ એક બીજાની પાસે ઊભી કરેલી છે અને તેના શિલાલેખ ઉપરથી જણાય છે કે આ વાવ પણ પાટણ રાજ તૂટ્યું તે વખતે બંધાયેલ હશે.

આમ, વઢવાણને આનુશ્રુતિક તેમજ ઐતિહાસિક દષ્ટિએ જોઈએ ત્યારે જણાય છે કે વઢવાણ એ પ્રાચીન નગરી હશે. આજે પણ અમૂલ્ય કલાવારસારૂપે તેનાં પ્રાચીન સ્થાપત્યો ત્યાંથી મળી આવતા શિલાલેખો પરથી જણી શકાય છે.

(અનુસંધાન પૃ. ૯ ની નીચે ચાલુ)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રિય લડત અને કવિ શ્રીત્રિભુવનભાઈ વ્યાસ

ડૉ. રશ્મિ ત્રિ. વ્યાસ

આપણી રાષ્ટ્રિય ચેતના જાગ્રત અને ક્રિયાન્વિત થઈ તેના પડઘા તત્કાલીન સાહિત્યમાં ઝિલાયા. લડતે સાહિત્ય ઉપર અસર પાડી અને સાહિત્યે લડતમાં જોમ આપ્યું. રાષ્ટ્રિય લડતમાં જલિયાંવાલાનો બનાવ પ્રજાના હૃદય ઉપર ચમચમી ઊઠે તેવા પ્રહાર સમાન હતો. તે હત્યાકાંડ થયો અમૃતસરમાં, પણ સમગ્ર પ્રજા જાણે કે શોણિતભીની થઈ ગઈ. તે પ્રસંગની પ્રજાની સંવેદના એક કાવ્યકૃતિ દ્વારા કેવી રીતે વ્યક્ત થઈ એ અને તે સંબંધી જે નાનો એવો ઇતિહાસ અત્યાર સુધી અપ્રગટ છે તેના પર પ્રકાશ પાડવાનો ઉદ્દેશ છે.

ત્રિભુવનભાઈ વ્યાસ (૧૮૮૮-૧૯૭૫)-સૌરાષ્ટ્રના જૂના સાવર (જિ. ભાવનાગર)ના વતની-એણે ૧૮ વર્ષની વયે ગીર પંથકના એક ગામડામાં શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી તે સમયે કવિતા લખવાનું પણ શરૂ કરેલું. અમરેલીમાં ૮ વર્ષ સુધી શિક્ષણકામ કર્યા બાદ શ્રી ઠક્કરબાપાના કેહવાથી ગાયકવાડ સ્ટેટની નોકરી છોડી ખાદીકામમાં જોડાયા. આ કામ ૨ - ૨॥ વર્ષ ચાલ્યું. તે પછી ગાંધીજીએ અસહકારની લડત પાછી ખેંચી લેતાં ખાદીપ્રવૃત્તિમાં પણ ઓટ આવી. આ ૨-૨॥ વર્ષનો ગાળો ૧૯૨૦ થી ૨૨ દરમ્યાનનો. આ સમયગાળા દરમ્યાન તેમણે 'રતનબાના ગરબા'-ની ૩૨ લીટીઓ લખેલી (તા. ૧૨-૯-૧૯૨૦).

ખાદીકામ બંધ થતાં ત્રિભુવનભાઈએ થોડા (ત્રણેક) મહિના રાણપુરમાંથી નીકળતા 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં કામ કર્યું અને ત્યાર બાદ અમદાવાદ 'નવજીવન' કાર્યાલયમાં જોડાયા. અહીં તેમને સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર, મહાદેવભાઈ દેસાઈ તથા જુગતરામભાઈ દવે સાથે કામ કરવાનો અવસર મળ્યો. ૧૯૨૨ થી ૧૯૨૫ સુધી તેઓ 'નવજીવન'માં હતા. અમદાવાદ આવતાં પહેલાં તેમણે જે ગ્રામજીવનનો અને નિસર્ગનો નિકટનો પરિચય મેળવ્યો હતો તે કાવ્યઝરણરૂપે પ્રગટ થયો. તેમણે રચેલાં આ કાવ્યોને નવાં ગીતો ભા-૧ તથા ભા-૨ નામે સ્વામી આનંદે નવજીવન તરફથી પ્રગટ કર્યાં. નવાં ગીતો ભા-૧ની પ્રસ્તાવના શ્રી જુગતરામ દવેએ તથા ભાગ-૨ની પ્રસ્તાવના કાકાસાહેબે લખેલી, પરંતુ ગુજરાતની પ્રજા સમક્ષ તેમની પ્રથમ જાહેર કવિતા 'રતનબાનો ગરબો' મહાદેવભાઈએ રજૂ કરી. ત્રિભુવનભાઈએ 'હું પોતે' શીર્ષકથી લખેલા હસ્તલિખિત પરિચયમાં આ અંગે નોંધ મળે છે : 'જલિયાંવાલાનો કારમો બનાવ બન્યો તે અંગે ગાંધીજીના જે લેખો આવતા તેની અસર ખૂબ થઈ એથી સને ૧૯૨૦માં 'રતનબાનો ગરબો' લખવા માંડ્યો. તેની ૩૨ લીટી લખાયા બાદ પડ્યો રહ્યો. તે ૧૯૨૩ની સાલના એપ્રિલમાં ત્રણ વર્ષ પછી નવજીવન કાર્યાલયમાં પૂરો થયો (૮૮ લીટી). મહાદેવભાઈ તથા જુગતરામભાઈ દવેને તે બતાવ્યો. તેમણે તુરત જ છૂટતી ઓફિસે કમ્પોઝિટરોને રોકીને ખાસ કોપીઓ કઢાવી જુદે જુદે સ્થળે મોકલી દીધી. 'નવજીવન'માં ૧૦૨૩ના ૧૩ મી એપ્રિલના ૭મા અંકમાં આ ગરબો છપાયો હતો.'

આ ગરબાની અસંખ્ય નકલો કઢાવી, ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છમાં એપ્રિલ સપ્તાહના કાર્યક્રમોમાં મોકલવામાં આવી. અમરેલીના અંધ કવિ શ્રીહંસરાજભાઈએ આ ગરબો અનેક સભાઓમાં ગાઈને લોકોને કરુણરસમાં ડુબાડ્યાં હતાં. આ ગરબાને કારણે અંગ્રેજ સરકાર તેમને પકડવાની તૈયારી કરતી હતી તેવું પણ સાંભળવા મળેલું. તે દરમ્યાન નવજીવનના પછીના અંકમાં તે કૃતિ છપાઈ મને તેના ઉપર મહાદેવભાઈએ પોતાનો અભિપ્રાય-લેખ છાપ્યો તેથી કદાચ સરકારે પકડવાનું બંધ રાખ્યું. આ પ્રકારનો ઉલ્લેખ શ્રી ત્રિભુવનભાઈએ 'ગુજરાત મિત્ર'ના તંત્રી શ્રીવલ્લભદાસ અક્કડને તા. ૧૯-૧-૫૬ના રોજ લખેલ પત્રમાં કરેલો છે :

'રતનબાનો ગરબો' જલિયાંવાલા બાગના બનાવ અંગે હતો. રતનબાઈ નામની એક સ્ત્રીનો પતિ ચૌધરી છાજુ ભગત જલિયાંવાલાના હત્યાકાંડનો ભોગ બનેલ. જલિયાંવાલા બાગની સભામાંથી તે પાછો ન ફરતાં રતનબાઈ માર્શલ લૉ હોવા છતાં રાતના અંધારામાં એકલી ગઈ, પતિના શબને શોધ્યું અને આખી રાત ત્યાં બેસી રહી. આ પ્રસંગને નિમિત્તે આ ગરબામાં હિંદના ઇતિહાસની આછી ઝલક, અંગ્રેજ રાજ્યના જુલમ અને રતનબાઈની નીડરતા વર્ણવી છે. (ગરબો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિશિષ્ટ-૧માં છે. )

આ ગરબાના અનુસંધાનમાં મહાદેવભાઈ દેસાઈનો જે લેખ પ્રગટ થયો હતો તેમા તેમણે જણાવ્યું છે કે 'જેમ ઈશુના બલિદાન અંગે લખાયું અને ચિત્રો થયાં તે યહૂદીઓ પર વેર કાયમ રાખવા નહીં, જેમ વાલ્મીકિ-તુલસીદાસે સીતાહરણ ગાયું તે રાવણને ગાળો આપવા માટે નહીં, કેમકે ઇતિહાસ લોહીતરસ્યો કે વેરભૂખ્યો નથી. ઇતિહાસ અને પ્રજા તો નિર્દોષ શુદ્ધ બલિદાનની યાદ સંઘરે છે અને સંઘરશે. રતનબાનો જે અમર ગરબો તા. ૧૩મી એ આપવામાં આવશે તેના કવિએ તેના ગરબાને અંતે એટલું જ કહ્યું છે કે 'સતીના ગુણ જે ગાશે તે નિર્મળ થાશે રતનબા !' ઇતિહાસમાં તો ૧૩મીના દિવેસ બલિદાનનું અને રતનબાના ગુણનું પવિત્ર સ્મરણ જ અવશેષ રહેશે, પણ આજે તો આપણે ઇતિહાસ રચી રહ્યાં છીએ. હજી જલિયાંવાલા બાગનું પ્રકરણ પૂરું થયું નથી. અંગ્રેજ સરકારનું કાયર-હૃદય જે હજી સુધર્યું નથી તે આપણાથી કેમ વીસરાય ? રાષ્ટ્રિય સમાહમાં સરકારને તોબા પોકારવાનો નિશ્ચય આખી પ્રજા કરે છે અને રતબાને યાદ પણ કરે છે. એ તોબા પોકારાયા પછી તો કેવળ રતનબાની નિર્મળ કરનારી યાદ જ ઇતિહાસને પાને અવશેષ રહેશે :

'પાપે પાપીનું જાશે, ને વાતું થાસે - રતનબા !
સતીના ગુણ જે ગાશે, તે નિર્મળ થાશે - રતનબા !'

આ ગરબાના અનુસંધાનમાં ત્રિભુવનભાઈને પકડવાની જે વાત હવામાં હતી તે માટે તેમણે તૈયારીરૂપે પોતાનું નિવેદન તૈયાર કરી રાખેલું. પેન્સિલના અક્ષરોથી લખેલ આ એકરારમાં તેમણે લખ્યું છે કે તેમની આ નાનકડી કવિતાની સામ્રાજ્યની સરકારે જે કદર કરી છે તેથી સાનંદાશ્ચર્ય થાય છે. તેઓએ લખ્યું છે કે હૃદયની સ્વાભાવિક સાચી ઊર્મિઓને રોકવી દુર્ઘટ છે એથી અહીં રજૂ થયેલી મારી કવિતા એને જ પરિણામે લખાઈ છે. 'રતનબાનો ગરબો' એ આર્ય પતિવ્રતા, જેને અમારાં શાસ્ત્રો દેવી સમાન ગણે છે, તેનું ગુણગાન જ છે....પંજાબના અત્યાચારો આ સરકારે પણ કબૂલ કર્યા છે તથા હિંદી પ્રજાકીય કમિશનના રિપોર્ટમાં હજુ તેની રજેરજ બીનાઓ અખંડિતપણે દુનિયા સમક્ષ મોજુદ છે. એ બીનાને એક સદ્‌ગુણી વ્યક્તિના ગુણગાનને અંગે નિર્દેશ કરવી એ ગુનો થાય છે એમ હું માનતો નથી છતાં પંજાબના બીજા અનેક અત્યાચારો, જેને રતનબા નામ સાથે સંબંધ નથી, તેનો આ કવિતામાં ઉચ્ચાર પણ નથી, જો એ બધી બીનાઓની કાળી બાજુ ચીતરાય તો એ મહાકરુણ કાવ્ય ઉદ્‌ભવે તેમ છે. પણ અહીં તો માત્ર રતનબાનાં ગુણગાનનો જ હેતુ છે એ સમજાશે જ. આ સિવાય દેશ જે સ્થિતિમાંથી અત્યારની હાલતમાં આવ્યો છે તે તો સાચો અને ઐતિહાસિક નિર્દેશ માત્ર છે એને માટે વાપરેલા શબ્દો સરકારના પ્રચલિત ટીકાકારોના શબ્દો કરતાં નરમ છે અને દ્વેષ રહિત છે એમ ખાતરીથી માનું છું છતાં સરકાર તેને ગુનો ઠરાવવા મક્કમ હોય તો એક નિર્દોષ આરોપી તરીકે સજા ખમવા હું ખુશી છું, એટલું જ નહીં, પણ જેલયાત્રાનો લાભ આ દેશના પવિત્ર અને નિર્દોષ મહાપુરુષો ભાગીરથ સેવાને પરિણામે પામ્યા છે તે મારા જેવો મામૂલી એકાદ દોષહીન કવિતામાં સત્ય આચરતાં મેળવે એ બહુમાન માટે ઇશ્વરનો અને આ સરકારનો ઉપકાર જ ગણાય.'

(આ પ્રકારનું નિવેદન તૈયાર રાખેલું, પરંતુ પછી સરકારે પકડ્યા નહીં તેથી ક્યાંય રજૂ કરવાનો પ્રશ્ન રહ્યો નહીં.)

એપ્રિલના જલિયાંવાલાના બનાવના સંદર્ભમાં ત્રિભોવનભાઈએ તેઓ જ્યારે અમરેલીમાં હતા ત્યારે 'એપ્રિલના દિવસો' એ શીર્ષકથી બીજું એક કાવ્ય લખેલું. તા ૧૩-૪-૨૨ના રોજ લખાયેલ આ કવિતામાં ૧૩ લીટી છે. ત્રિભુવનભાઈના હસ્તલિખિત કાવ્યસંગ્રહમાં તે મૂળ કાવ્ય છે. 'નવજીવન'માં આવ્યા પછી આ કવિતાની ૮ લીટી લખીને છાપવા માટે ગાંધીજીને બતાવી હશે તેમ લાગે છે. આ કાગળ પર ગાંધીજીએ પેન્સિલથી નોંધ કરી છે — 'આમાં અતિશયોક્તિ છે, કાવ્ય તો નથી જ ને છેલ્લી લીટી કોને ઉદ્દેશીને હોય ? ન છપાય,' બાજુમાં ત્રિભુવભાઈની નોંધ છે કે આ અક્ષર પૂ. ગાંધીજીના છે.

અહીં એ પ્રશ્ન થાય છે કે તેમણે પૂરેપૂરું કાવ્ય કેમ ગાંધીજીને નહીં બતાવ્યું હોય ? ગાંધીજી છેલ્લી લીટી કોને ઉદ્દેશીને માને છે ? (તે પરિશિષ્ટમાં છે) ગાંધીજીને બતાવ્યા વિનાની મૂળ કાવ્યની બાકીની પાંચ લીટીઓ આ પ્રમાણે છે :

'હિંદીજન પણ હિંમત હારી, બહુ જ બન્યા નાદાર - દિવસો એપ્રિલના
નામર્દીની નામોશીનો, લાગ્યો ડાઘ અપાર - દિવસો એપ્રિલના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરદ બનો ઓ ભારતપુત્રો, ટાળો એ દુ:ખભાર - દિવસો એપ્રિલના
શાંત અહિંસક થઈને છોડો, પરદેશીનો પ્યાર - દિવસો એપ્રિલના
ઈશ્વરની આશિષ ઊતરશે, થાશે પુનરુદ્ધાર - દિવસો એપ્રિલના'

'રતનબાનો ગરબો' ૧૯૨૩ના એપ્રિલના નવજીવન દ્વારા પ્રગટ થયો ત્યારે ગાંધીજી જેલમાં હતા. 'એપ્રિલના દિવસો' કવિતા અમરેલીમાં (૧૯૨૨) લખાયેલી છે, પરંતુ ગાંધીજીને બતાવવામાં આવી છે એટલે તે ૧૯૨૪ અથવા ૧૯૨૫ના એપ્રિલની વાત હોવાનો સંભવ છે., કેમકે તે પછી ત્રિભુવનભાઈ રાજકોટ આવી ગયેલા.

રાષ્ટ્રિય લડત દરમ્યાન ત્રિભુવનભાઈની ખૂબ ગવાયેલી અન્ય રચના છે :

'નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું,
ભારતની એ ધર્મધ્વજાનું સાચવશું સન્માન - (ભૂમિ ભારતનું)'

આ કાવ્ય નાગપુરના ઝંડાસત્યાગ્રહ માટે લખેલું હતું. ૧૯૨૩માં પ્રથમ પ્રતિષ્ઠિત કરેલા હિંદી ધ્વજનું નાગપુરમાં અપમાન થતાં તેની લડત વલ્લભભાઈ પટેલે જોરશોરથી ઉપાડી. આ લડતમાં ધ્વજસંબંધી વિશિષ્ટ ઉચ્ચારણ કરવા કોઈ સાહિત્ય ન હતું, માત્ર 'ઈન્કલાબ ઝીંદાબાદ'નું સૂત્ર પ્રચારમાં હતું. આ સ્થિતિ શ્રી જુગતરામભાઈને ખૂંચી. તેમણે ત્રિભુવનભાઈને કંઈક લખી આપવા સૂચવ્યું. તેમણે તે જ વખતે આ ધ્વજગીત લખી આપ્યું. તેમના મનમાં 'નહિ રખની, નહિ રખની સરકાર યે જાલિમ નહિ રખની' એ સૂર ઘણા સમયથી સંઘરાયેલા હતા, તેથી એ જ ઢાળમાં આ ગીત લખ્યું તેની પણ હજારો નકલ છપાઈ, સમગ્ર લડતમાં તે ખૂબ ગવાયું અને તે પછી તેનો પ્રચાર થયો તે સમયે ધ્વજમાં કેસરીને બદલે લાલ રંગ હતો. તા. ૭-૬-૧૯૨૩ના રોજ લખાયેલ આ ગીત સફેદ, લીલા અને લાલ રંગના ધ્વજ સંબંધી આમ હતું :

'સફેદ, લીલું, લાલ, ત્રિરંગી, વિરોધનું સંધાણ, ભૂમિ ભારતનું
સફેદમાં સહુ ધર્મે ધાર્યું - ઈશ્વરનું ફરમાન- ભૂમિ ભારતનું
લીલામાં ઈસ્લામી ધર્મે, રાખ્યું પાક કુરાન - ભૂમિ ભારતનું
લાલ સનાતન આર્યપ્રજાનું, મંગળ મૂર્તિમાન - ભૂમિ ભારતનું
સાચા હિન્દી શૂરાઓનું, એ છે વિજય સુકાન - ભૂમિ ભારતનું'

ધ્વજના રંગમાં ફેરફાર થવાથી તેમણે તા.૯-૧૦-૧૯૩૧માં ઉપરની પંક્તિઓમાં આ પ્રમાણે ફેરફાર કરેલો છે :

'કેસરી, શ્વેત, હરિત ત્રિરંગી, ભારતનું કલ્યાણ - ભૂમિ ભારતનું
કેસરી રંગે ચમકી રહ્યાં છે, શૌર્ય અને બલિદાન - ભૂમિ ભારતનું
શ્વેત મહીં શુચિ સત્ય વિરાજે, પ્રેરે પુનરુત્થાન - ભૂમિ ભારતનું
ખાનદાની અને દઢ શ્રદ્ધાનું; હરિત મહીં છે સ્થાન - ભૂમિ ભારતનું
હિંદી સ્વતંત્રતાનું એ છે, ગૌરવ મૂર્તિમાન - ભૂમિ ભારતનું'

આ સિવાય પણ તેમણે રાષ્ટ્રભાવનાયુક્ત અનેક કાવ્યો રચ્યાં છે. 'ખાદી' (૧૯૨૦), 'તારો સદા વિજય હો' (૧૯૨૦), 'સ્વરાજ્ય સંઘ' (૧૯૨૦), ગાંધીજીની જેલયાત્રા ને દિવસે લખાયેલ 'જયકાર' તથા 'જેલયાત્રા' (૧૯૨૧), 'જગદંબા ભારતી' (૧૯૨૧), ઉત્સવ (૧૯૨૧), બૂરી દશા, જાગો, ઉઠો, ચીસ (૧૯૨૧), હિંદીમાં सुदर्शन चक्र, राष्ट्रगीत तथा जय जय भारतमात વગેરે કાવ્યોમાં પરદેશી શાસનને કારણે દેશની થયેલી દુર્દશા તથા તેમાંથી જાગ્રત બની,ભૂતકાળનો ગૌરવનું ભાન કરાવી પ્રજાને પુરુષાર્થી બનવાનો બોધ જોવા મળે છે. તે સંબંધી 'માતૃવેદના' (૧૯૨૫) તથા 'ભારતી' (૧૯૨૬) નામે લાંબાં કાવ્યો પણ તેમણે રચ્યાં છે.

૧૯૨૫ પછી નવજીવન છોડીને રાજકોટ આવ્યા અને સ્ટેટના શિક્ષણ ખાતામાં જોડાયા (તેથી રાષ્ટ્રિય લડતના મુખ્ય પ્રવાહ સાથેનો સીધો સંપર્ક છૂટી ગયો) છતાં રાષ્ટ્રિય લડતના પડઘા તેમનાં કાવ્યોમાં ઝિલાયા કર્યા હતાં; જેમ કે ૧૯૨૮માં બારડોલીસત્યાગ્રહ નિમિત્તે 'ધન્ય બારડોલી' તથા 'જયકાર બારડોલી' જેવાં કાવ્યો લખ્યાં. તે જ રીતે ૧૯૨૯માં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જવાહરલાલ નહેરુના પ્રમુખપદે મળેલી કાઠિયાવાડ યુવક પરિષદ માટે 'રણજંગ' નામે કવિતા રચી હતી. ૨૫-૧-૧૯૩૦ ના રોજ (પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞાની પૂર્વસંધ્યાએ) 'મુક્તિપંથે' નામે કૃતિ રચી હતી. ૧૯૩૦ ની લડતના સંદર્ભમાં 'રણઘેલી ભારત' 'ધર્મયુદ્ધે' તથા राष्ट्रनिशान, ध्वजवंदन વગેરે કાવ્યો લખાયાં. ૧૯૩૭માં રચેલ કૂચગીત :

'ભારતના ભડવીર કુમારો, કૂચ કરો કૂચ કરો,
એક અવાજ એક જ તાલે કૂચ કરો કૂચ કરો'

વગેરે આઝાદી સુધી તેમ જ આઝાદી પછી પણ પ્રાસંગિક રચાતાં રહ્યાં. તેમણે લખેલાં પાંચસો જેટલાં કાવ્યોમાંથી પાંચમા ભાગના કાવ્યો રાષ્ટ્રભાવના યુક્ત છે.

આ પૂર્વે કહ્યું તેમ તેઓ પ્રકૃતિથી કવિ અને શિક્ષક બંને હતા. તેમણે બાળકો માટે ઘણી કવિતાઓ લખી છે. આવી કેટલીક કવિતાઓ પણ રાષ્ટ્રભાવનાયુક્ત છે; જેમકે ૧૯૨૩માં રચેલ 'ગોરો' તથા એ જ ઢબે ૧૯૪૭માં રચેલ 'ગોરો ચાલ્યો' તે બંને કાવ્યો બ્રિટિશ શાસનનાં સારાં તેમ જ ખરાબ પાસાં દર્શાવે છે. (તેમાંના કેટલાક અંશો પરિશિષ્ટ-૩માં છે).

આ સમયે ગાંધીયુગનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય પર પણ છવાઈ ગયો હતો. ગાંધીજીની અસર નીચે દીનજન તરફ પ્રેમ, અહિંસા, સત્યપ્રેમ, ગ્રામાભિમુખતા, ક્રિયાશીલતા, વિશ્વશાંતિ વગેરે ભાવનાઓને સાહિત્યમાં સ્થાન મળવા લાગ્યું હતું. ગાંધીયુગના આ બધા પ્રવાહો વ્યક્તિની તેમજ સમાજની ચેતનામાં પ્રતિબિંબિત થયા અને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં સંગ્રહાયા. પ્રજાની અસ્મિતા આ સમયે જાગ્રત થઈ રહી હતી. સૌરાષ્ટ્રની પ્રજાની અસ્મિતા જગાડનારા ત્રિભુવનભાઈની કવિતા 'ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' અતિ પ્રસિદ્ધ છે. મેઘાણીભાઈએ તેમના પત્ર 'સૌરાષ્ટ્ર'માં છાપવા માટે કંઇક તેજીલી જબાનમાં લખી આપવા માગણી કરી, તેથી ઝૂલણા છંદમાં તેમણે આ કવિતા લખી આપી, જે આજ સુધી એટલી જ લોકપ્રિય રહી છે. તેમાં સૌરાષ્ટ્રની ભૌગોલિક, સાંસ્કૃતિક, જાતિગત, પશુ તથા પ્રકૃતિ સંબંધી વિશેષતાનું ગૌરવપૂર્ણ અને જોમવંતું વર્ણન છે :

'પ્રૌઢ સિંધુ પરે ઝૂકતી પશ્ચિમે મધ્યમાં એશિયાની અટારી,
હિન્દ દેવી તણી કમર પર ચમકતી દૃઢ કસી તીક્ષ્ણ જાણે કટારી,
પ્હાડ ઉન્નત મુખે કીર્તિ ઉચ્ચારતા ગર્જતી જલનિધિ ગાનસરણી,
ભારતી ભોમની વંદું તનયા વડી, ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી,
કાઠી ખસિયા વસ્યા શૂર રજપૂત જ્યાં મેર આહીર ગોહિલ વંકા,
ખડકના ખેલની રંગભૂમિ મહીં જંગના વાજતા નિત્ય ડંકા,
સિંધુડો જ્યાં ભીરુને ભડ કરે ધડૂકતા ઢોલ ત્રાંબાળુ ઘણણી' – **ભારતી**
વિકટ ગિરિ ગહ્વરે વાઘ સિંહો રમે ગજવતા જંગલોને હુંકારે,
માનભંગે થઈ મરણિયા આથડે, બહારવટિયા ભડવીર ભારે,
શૌર્યગીતો અહા ! ગુંજતી એહના ઘૂઘવે પેલી સરિતા ડુંગરની – **ભારતી**
કડક ધરતી જહાં ખડકની આકરી, ડુંગરા ડુંગરી ને કરાડો,
મુકુટ શાં મંદિરો ગાજતાં શિર ધરી, ગજવતા ગગન ઊંચા પહાડો,
ગીર ગોરંભતી ગાંડી જ્યાં નેસમાં ખળકતી દૂધની પીયૂષ-ઝરણી – **ભારતી**
ભક્ત નરસિંહ જ્યાં નાચિયો નેહમાં, સંપદા પામિયો જ્યાં સુદામો,
વીર ગાંધી દયાનંદ જ્યાં નીપજ્યા સતી અને સંતનો જ્યાં વિસામો,
ગામ ગામે ઘણા સ્તંભ પોકારતા શૂરના ગુણની ગાથ વરણી – **ભારતી'**

રાષ્ટ્રવ્યાપી આપણી લડતમાં અસંખ્ય લોકોનો અનેકવિધ સ્વરૂપનો ફાળો રહ્યો છે. અહીં તો સૌરાષ્ટ્રના માત્ર એક કવિ મને શિક્ષકની થોડીક રચનાઓ અને રાષ્ટ્રિય લડતમાં તે દ્વારા તેમનું પ્રદાન જોવાનો પ્રત્યન કર્યો છે, જે ઇતિહાસનું જાણે કે એક પ્રકરણ બન્યું છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પરિશિષ્ટ - ૧

# રતનબાનો ગરબો

અંગરેજી રાજ તો આવ્યું, આવીને ફાવ્યું–રતનબા !
જુક્તિથી મુલક જીત્યા, ને સૈકા વીત્યા–રતનબા !
મરદોનાં હથિયાર લીધા, ને બાયલા કીધા–રતનબા !
પંચની પંચાત ભાંગી, ને કોરટો જાગી –રતનબા !
કોરટેં કજિયા જામ્યા, ને ઘરબાર વામ્યા–રતનબા !
ભણાવી અંગરેજી દીધા, ને પોપટ કીધા–રતનબા !
દેસનાં રસ કસ લૂંટ્યાં, ખાવાનાં ખૂટ્યાં–રતનબા !
ઘરના ધંધા ભાંગ્યાં, ને પરદેશી જાગ્યા–રતનબા !
દેશનાં નીપજ પાણી, ને જાય કોક તાણી–રતનબા !
ગોરાને વાત સૌ ફાવી, ને અંધી આવી–રતનબા !
અમલના તોરમાં બુદ્ધિ, ને મદમાં ઝૂઝે–રતનબા !
કાયદા અવળા કીધા, ને દેશપાર દીધા–રતનબા !
ભૂખ અને દુઃખ બે સાથે જ, પડિયાં માથે–રતનબા !
ત્યાં તો ગોરામાં લાગી, ને તોપું દાગી–રતનબા !
મહાભારત મંડાણાં, તે વશમાં ટાણાં–રતનબા !
સરકારે હિન્દને જાચ્યું, ને હિન્દ તો રાચ્યું–રતનબા !
બાંધી પેટને પાટા, ને આપ્યા લાટા–રતનબા !
અહીંથી જુવાનિયા લીધા, તે આડા દીધા–રતનબા !
જેમ તેમ કરતાં જીત્યા, તે દિવસો વીત્યા–રતનબા !
પાછી બુદ્ધિ બદલાણી, ને સોટી તાણી–રતનબા !
કાયદા કાળા કીધા, ને ઇનામ દીધાં–રતનાબા !
સાધીને સ્વારથ પક્કો, ને દીધો ધક્કો–રતનબા !
ગુણ પર ફેરવ્યાં પાણી, ને આંખ વળી તાણી–રતનબા!
ન્યાયનો રસ્તો ભૂલ્યા, ને કેફમાં ડૂલ્યા–રતનબા !
કોઈનું સાંભળ્યું ન કહેવું, એ કેમ કરી સહેવું ?–રતનબા!
દેશ ખળભળવા લાગ્યો, ને રણકો વાગ્યો–રતનબા !
જૂનો જોગી એક જાગ્યો, ને ડંકો વાગ્યો–રતનબા !
તપસ્વીએ વ્રત લીધાં, ને કોઈને દીધાં–રતનબા !
સરકારે મરજાદ તોડી, ને ગોળિયું છોડી–રતનબા !
ગાંધી તે જોવા ચાલ્યા, વળે ન વાળ્યા–રતનબા !
સરકારે પકડ્યા જોરે, જે દેશને દોરે–રતનબા !
લોકો થયા ત્યાં ગાંડા, ને તોફાન માંડ્યાં–રતનબા !
રીસમાં કોઈને માર્યા, ને બંગલા બાળ્યા–રતનબા !
ત્યાં તો ગાંધીને છોડ્યા, તે આવ્યા દોડ્યા–રતનબા !
બૂરો ધંધો આ કીધો, એ ઠપકો દીધો–રતનબા !
સરકારને હવે ફાવ્યું, ને બહાનું આવ્યું–રતનબા !
જુલમની ચાબુક કાઢી, વાપરવા માંડી–રતનબા !
ધાક બેસાડવા સારુ, અંતરમાં ધાર્યું–રતનબા !
અમૃતસરની બજારે, ને સાદ કોક મારે–રતનબા !
જલિયાંવાલા બાગે, સૌ અવાજો સાંજે–રતનબા !
દેશના દુઃખની કહાણી-ની સુણવા વાણી–રતનબા !
સભા જાણી સૌ ચાલ્યાં, રહ્યાં નવ ઝાલ્યાં–રતનબા !
બાળ બુઢ્ઢાં સૌ સંગે, મળ્યાં ઉમંગે–રતનબા !
એવામાં ડાયર આવ્યો, ને ફોજ એક લાવ્યો–રતનબા !
બંધ જગ્યામાં બેઠાં, લોકોને દીઠાં–રતનબા !
ચાલવાની સાંકડી શેરી-ને લીધી ઘેરી–રતનબા !
શાન્તિ જરાય નવ તૂટી, પણ ગોળિયું છૂટી–રતનબા !
સહુ ગભરાવા લાગ્યા, ને જેમ તેમ ભાગ્યા–રતનબા !
ભાગતાં ગોળિયું વાગી, ને જિંદગી ત્યાગી–રતનબા !
હાથ હથિયાર વિણ ખાલી, ને ખૂનરેજી ચાલી–રતનબા !
બાળ બુઢ્ઢાં નવ મૂક્યાં, નિશાન નવ ચૂક્યાં–રતનબા !
ડાયરે જે જે ચીંધ્યાં, તે ગોળીએ વીંધ્યાં–રતનબા !
લોહીના કીચડ જામ્યા, ને દેવ ત્રાસ પામ્યા–રતનબા !
બંદૂકો ફૂટી ફૂટી, ને ગોળિયું ખૂટી–રતનબા !
ત્યારે એ ડાયર ખસ્યો, ને મનમાં હસ્યો–રતનબા !
અમૃત નગરી આખીમાં ફોજું રાખી–રતનબા !
રાતે જે રસ્તે જાતાં, તે ગોળિયું ખાતાં–રતનબા !
સતી પતિ નવ ભાવે, તો ધીર કેમ ધારે ?–રતનબા !
પતિને ખોળવા ચાલી, તું બીકને બાળી–રતનબા !
અંધારી આંખ સામી, શી મેઘલી જામી–રતનબા !
સુનકાર કાંઈ નવ સૂઝે, કાયર તો ધ્રૂજે–રતનબા !
ફોજવાળો કોઈ જોશે, તો ગોળીએ દેશે–રતનબા !
તેં તો મરણને છાંડ્યું, ને ચાલવા માંડ્યું–રતનબા !
એક બેને વીનવ્યા વાટે, તે આવવા સાથે–રતનબા !
મરદો એ નીવડ્યા ખાલી, તું એકલી ચાલી–રતનબા !
જલિયાંવાલે આવી, તું મરદાઈ લાવી–રતનબા !
પગમાં લોહીના ગારા, ને મડદાં ભાળ્યાં–રતનબા !
તારું વજ્જરનું હૈયું, તે કેમ કરી થૈયું ?–રતનબા !
ઘાયલની બૂમો આવે, તે તુંને બોલાવે–રતનબા !
ગઈ ત્યાં તું ભડ જેવી, દયાની દેવી–રતનબા !




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૈંકના હાથ પગ સીધા, કરી તેં દીધા—રતનબા !
કૈંને દિલાસા દીધા, ને સુખિયા કીધા—રતનબા !
કોઈના ઘા પર પાટા, તેં બાંધ્યા માતા—રતનબા !
મડદાઓ બહુ ઉથામી, પતિને પામી—રતનબા !
પતિએ જીવન ખોયું, તેં નજરે જોયું—રતનબા !
દિલે દાવાનળ જાગ્યો, તે કારમો લાગ્યો—રતનબા !
હૈયું કઠણ તેં કીધું, ને શબ તે લીધું—રતનબા !
ખોળામાં માથું મૂકી, ને ઉપર ઝૂકી—રતનબા !
આંખે ચોધારાં આંસુનું ભર ચોમાસું—રતનબા !
જેને આ વસમે ટાણે વીતી તે જાણે—રતનબા !
વેરણ રાત ત્યાં ગાળી, કરી રખવાળી—રતનબા !
બીજાં બધાંનાં સગાં, સવારે પૂગ્યાં—રતનબા !
સાચી વીરાંગના સતી, થઈ તું છતી—રતનબા !
જુલમના દિવસોય જાશે, ને શાન્તિ થાશે—રતનબા !
સાધુ સતી દુભાણાં, ત્યાં પાપનાં થાણાં—રતનબા !
પાપે પાપીનું જાશે, ને વાતું થાશે—રતનબા !
સતીના ગુણ જે ગાશે, તે નિર્મળ થાશે—રતનબા !

## પરિશિષ્ટ-૨






For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પરિશિષ્ટ-૩

શ્રી ત્રિભુવનભાઈનું 'ગોરો' (૧૯૨૩) નામનું કાવ્ય 'છોકરાં.....રે. હો....રે' ના લહેકાથી શરૂ થાય છે. બાળકો સવાલ કરે છે ગોરો ક્યાંથી આવ્યો ? ક્યાં ઊતર્યો ? શું શું લાવ્યો ? વગેરે તેના જવાબો એક બાળક આપે છે. શું શું લાવ્યોના જવાબમાં તે કહે છે -

| | |
|---|---|
| લશ્કરની લાર લાવ્યો | કતલના કૈં સંચા લાવ્યો |
| ધનના ભૂખ્યા નાર લાવ્યો | પોતાના વહીવંચા લાવ્યો |
| તોપ ને બંદૂક જેવા | સ્વાર્થના બહુ કિસ્સા લાવ્યો |
| કેટલાંયે કરતૂક લાવ્યો | દોલત ભરવા ખિસ્સાં લાવ્યો |
| રોનક લાવ્યો ચેટક લાવ્યો | જાતજાતનાં બંધા લાવ્યો |
| ન્યાય નીતિનાં નાટક લાવ્યો | ધર્મ વિનાનાં ધંધા લાવ્યો |
| ધોળા દિ'ની ધાડાં સાથે | સ્વારથ કાજે અંધા એવા |
| નામર્દીનાં ગાડાં લાવ્યો | નોકર ચાકર ખંધા લાવ્યો |
| ભેદ ભરેલી જાળ લાવ્યો | કેળવણીના કૂચા લાવ્યો |
| મરકીની તો લાળ લાવ્યો | છાપાના બહુ ડૂચા લાવ્યો |
| તાર ને હલકારા સાથે | કૌરવ જેવાં કુળ સાથે |
| કરવેરાના ભારા લાવ્યો | ગુલામીનાં મૂળ લાવ્યો, વગેરે વગેરે |

તે જ રીતે આઝાદીના પાંચ દિવસ અગાઉ તા. ૧૦-૮-૪૭ના રોજ તેમણે આ જ શૈલીનું કાવ્ય 'ગોરો ચાલ્યો' પણ એવુ જ રસપ્રદ છે. ક્યાંથી ચાલ્યો ? તેના સવાલ જવાબ પછી શું શું દીધું તેના જવાબમાં -

સાધન સંપત ઢગલે લૂંટી
લેણાંની ઉધરેટ દીધી !
પોતાની ઉઘરાણી પતવી -
ભૂખમરાની ભેટ દીધી !
માલ વિનાનાં ઠાલાં ઠાલાં
કેળવણીનાં કાલાં દીધાં !
ભોંમાંથી ઉઠાડી નાહક
ભાગલાનાં ભાલાં દીધાં !
મોજામાં મશગૂલ નિરંતર
રાજસ્થાની લાલાં દીધાં !
સ્વાર્થ-દમામ-અનીતિવાળાં
નોકરશાહી જાબાં દીધાં !
પરદેશી એજંટ બનેલા
કટ્ટર મૂડીવાળા દીધા !
લડાઈમાં લૂંટાવી અબજો
ધોમ બજારો કાળાં દીધાં !
ઉદ્યોગોનાં થડ કાપીને
સૂકાં ડાળી- કાળાં દીધાં !
વકીલનાં વૃંદોની સાથે

ન્યાયાસન કજિયાળાં દીધાં !
ભારતનાં ભુલાવી ભૂષણ
પોઝિશન ભમરાળાં દીધાં !
૧. સોજું-સફરું કંઈ યે દીધું ?
કે શું કેવળ જ્ઞાન દીધું ?
૨. હા, હા, કંઈ એવું પણ દીધું-
વહેમોનાં જાળાં ખંખેરી
દુનિયાભરનું ભાન દીધું !
મહાપ્રજાનાં મૂલ બતાવી
સ્વદેશનું અભિમાન દીધું !
અમલ ચલાવવાની યુક્તિને
પ્રજાસ્મિતાનું જ્ઞાન દીધું !
શિસ્ત ફરજ ને ન્યાય નિયમના
ગૌરવ કેરું જ્ઞાન દીધું !
બુદ્ધિવાદી બંધારણમાં
ચૂંટણીનું તોફાન દીધું !
વિશાળ વાચન વિશાળ ભાષા
વિધવિધનું વિજ્ઞાન દીધું !
લડતાં રજવાડાંને દાબી

પંપાળીને માન દીધું !
ફેશનના ફુલેકાં ભેગું
સ્ત્રીઓનું સન્માન દીધું !
૧. હવે પછી શું કરવાનું ?
૨- હવે પછી શું કરવાનું ?
દેશ રહ્યો દુણાઈ સઘળો
એનું સાંત્વન કરવાનું
અધભૂખ્યાં આથડતાં ભાંડુ
એનું ઉદર ભરવાનું
અંગ મજૂરી ઉપર નૂતન
જીવન-ચણતર કરવાનું
કેફ તજી સત્તા સંપદની
જોહુકમી વીસરવાનું,
હિંદી ધ્વજ નીચે સૌ સંપી
ઊંચે મસ્તક ફરવાનું,
કલેશ કુસંપ તજીને ઘર ઘર
સ્વસ્તિવાચન કરવાનું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંનિષ્ઠ, સેવાભાવી, સદ્‌ચરિત ચમનભાઈ વૈષ્ણવ, મૂક સેવક અને આદર્શ કેળવણીકાર – એક અધ્યયન

ડૉ. અંજના બી. શાહ★

સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રીય શિક્ષણ મારફત યુવાપેઢીનું ઘડતર કરવા મુખ્ય ત્રણ શિક્ષણ સંસ્થાઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું (૧) દક્ષિણામૂર્તિ, ભાવનગર (૨) રાષ્ટ્રીયશાળા, રાજકોટ તથા (૩) રાષ્ટ્રીયશાળા, વઢવાણ. ચમનભાઈ વૈષ્ણવ રાષ્ટ્રીયશાળા, વઢવાણની શૈક્ષણિક તથા સેવાભાવી પ્રવૃત્તિઓના પ્રાણ હતા. તેમની ત્યાગશીલ, પરગજુ, શ્રમિક સેવાભાવી પ્રવૃત્તિઓને લીધે ગાંધીજીએ તેમને વાસ્તવિક અર્થમાં "વૈષ્ણવ" તરીકે બિરદાવ્યા હતા.

ગાંધી વિચારધારા તથા કાર્યપદ્ધતિ પ્રમાણે સેવાકીય પ્રવૃત્તિઓ કરનાર વઢવાણની ત્રિપુટી ફૂલચંદભાઈ શાહ, સ્વામી શિવાનંદજી તથા ચમનભાઈ વૈષ્ણવે સૌરાષ્ટ્રની રાજકીય, સામાજિક તથા શૈક્ષણિક કાયાપલટ કરવામાં ઘણું નોંધપાત્ર પ્રદાન કરેલું છે તેમાં ચીમનભાઈ વૈષ્ણવનું શૈક્ષણિક ક્ષેત્રનું પ્રદાન સવિશેષ નોંધનીય છે.

ભક્તકવિ નરસિંહ મહેતાના વંશજ માધવરાય વૈષ્ણવને ત્યાં સને ૧૮૯૬ના મે માસમાં ચમનભાઈનો જન્મ થયો. તેમને માતાપિતા તરફથી સાદગી, સચ્ચાઈ અને સેવાનો વારસો મળ્યો જેનો ચમનભાઈએ વિદ્યાર્થી અવસ્થાથી જ અમલ કર્યો. તેનો આ વારસો વઢવાણના ચુસ્ત ગાંધીવાદી સેવક મોતીભાઈ દરજીના સંસર્ગથી પુષ્ટ થયો. ચમનભાઈ વિદ્યાર્થી તરીકે તેજસ્વી હોવાથી અન્ય વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાય કરતાં. મોતીભાઈ દરજીએ શરૂ કરેલ મફત ધર્મપુસ્તકાલય મારફત ચમનભાઈએ વઢવાણના યુવકો તથા યુવતીઓને શિષ્ટ વાંચન કરતા કર્યા. તેમજ પોતાનું વાંચન-મનન પણ વધાર્યું. વળી મોતીભાઈની પ્રત્યેક સેવા પ્રવૃત્તિમાં ચમનભાઈ મોખરે રહેતા. આમ કુમાર અવસ્થાથી જ તેના સેવાભાવી જીવનનું ઘડતર થયું.

ચમનભાઈએ વઢવાણમાં મેટ્રીક સુધીનો અભ્યાસ પૂરો કર્યો બાદ કોલેજ શિક્ષણ માટે તે ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા. ઘરની સ્થિતિ કોલેજનો ખર્ચ ઉપાડી શકે તેમ નહિ હોઈને તેમણે આ માટે લોન લીધી. વળી તે સમયે કોલેજના ભોજનાલયનો માસિક ખર્ચ રૂા. ૧૫ હતો. તે પણ તેમને પરવડે તેમ ન હોવાથી છાત્રાલયની પોતાને મળેલી ઓરડીમાં પોતે જાતે રસોઈ કરતા. જમીને તુરત અભ્યાસમાં મગ્ન થઈ જતા. આમ શિક્ષણ, સેવા, શ્રમ સાથે ચમનભાઈનું જીવન પાંગરતું ગયું. કોલેજમાં રજાઓ પડતા વઢવાણ આવી જતા અને મોતીભાઈ દરજી સાથે સેવા પ્રવૃત્તિઓમાં લાગી જતા.

આમ આર્થિક કઠિનાઈ વચ્ચે ચમનભાઈએ બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. તેમનો વિચાર તુરત સેવા કાર્યમાં જોડાવાનો હતો, પરંતુ સાથે લોનનું ઋણ હતું એટલે લોન ભરપાઈ કરવા તેમણે શાંતાક્રુઝ ગુરુકુળમાં શિક્ષકની નોકરી સ્વીકારી. પોતાની નિષ્ઠા તથા સેવાભાવથી તો વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓમાં ખૂબ પ્રિય થયા. પરંતુ ચમનભાઈ તો સેવાભાવી જીવ હતો એટલે લોન ભરપાઈ થઈ જતા જ તેમણે ગુરુકુળની નોકરી છોડી દીધી અને વઢવાણ પરત આવ્યા.

વઢવાણમાં આ અરસામાં ફૂલચંદભાઈ તથા શિવાનંદજીએ રાષ્ટ્રીયશાળા શરૂ કરેલી, જેમાં પ્રારંભે ૧૮ શિક્ષકો તથા ૩૦૦ વિદ્યાર્થીઓ હતા. ચમનભાઈને શાળા આચાર્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. આમ શાળાને આદર્શ કેળવણીકાર તેમજ સેવક મળ્યા અને ચમનભાઈને જોઈતું શિક્ષણ તેમજ સેવાનું ક્ષેત્ર મળ્યું. ચમનભાઈના આચાર્ય પદે શાળાનો રાષ્ટ્રીય ઢબે ઝડપથી વિકાસ થયો. શાળામાં ચાર ધોરણથી વિનીત એટલે કે સંપૂર્ણ માધ્યમિક કક્ષાનું શિક્ષણ આપવાનું શરૂ થયું. શાળામાં શિક્ષણ ઉપરાંત વિકાસલક્ષી અનેક પ્રવૃત્તિઓ વિકસાવવામાં આવી. આમ યુવાપેઢીનું ઘડતર કાળજીપૂર્વક કરવામાં આવ્યું.

ચમનભાઈની શિક્ષણનિષ્ઠા અને સેવાભાવ જોઈને વઢવાણ રાજયના દીવાને રાજયને તે સમયે ન પોષાય તેવા માસિક રૂા. ૨૫૦ ના પગારથી તેમને રાજયના શિક્ષણાધિકારી તરીકે નિયુક્ત કરવાનો સંદેશ કહેવરાવ્યો. પરંતુ માત્ર શિક્ષણ અને સેવાભાવને વરેલા ચમનભાઈએ આ નિમંત્રણનો અસ્વીકાર કર્યો. અને ફક્ત માસિક રૂા. ૨૫ માં શાળાને પોતાની

★ રીડર, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવાઓ ચાલુ રાખી. શાળાના સંચાલન કાર્યની સાથે ચમનભાઈ ઇતિહાસ, ભૂગોળ, રાજ્યબંધારણ, હિન્દી વગેરેનું શિક્ષણ ખૂબ સારી અને સઘન રીતે આપતા. આ માટે તે ઊંચી કક્ષાનાં પુસ્તકોનો અભ્યાસ પણ કરતા. ભૂગોળ ભણાવવા તે વિવિધ પ્રકારના નકશાઓ જાતે તૈયાર કરતા અને એ રીતે ભૂગોળના શિક્ષણને ખૂબ રસપ્રદ તથા ઉપયોગી બનાવતા. ઇતિહાસમાંથી તેઓ પ્રેરણાદાયી, સ્વદેશપ્રેમ જાગ્રત કરતા ઉત્તમ ઉદાહરણો આપતાં. હિન્દી તો એક રાષ્ટ્રભાષા તરીકે શીખવી જોઇએ તેવું તે ભારપૂર્વક કહેતા. રામાયણમાંથી ચોપાઈઓ ગાઇને તેઓ વિદ્યાર્થીઓને જીવનના ઉમદા આદર્શો તરફ દોરતા. તે માત્ર બે ટંક ઘેર જમવા જતા અને બાકીનો બધો જ સમય શાળના ઉત્કર્ષ માટે ગાળતા. તેઓ આજીવન બ્રહ્મચારી હતા.

ચમનભાઈની માતા, પુત્ર લગ્ન કરે તે માટે ખૂબ આતુર હતા, પરંતુ સેવાકાર્યને માટે ચમનભાઈએ આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિર્ણય કર્યો હોવાથી તે માતાના આગ્રહને વશ થયા નહિ. પણ માતાની વૃદ્ધાવસ્થા નિહાળીને તેઓ માતાને રસોઈ, ઘરકામ, સફાઈ વગેરેમાં મદદ કરતાં. સાથોસાથ શાળામાં શિક્ષણ ઉપરાંત ચર્ચા સભાઓ, વિદ્યાર્થી-માસિક પ્રકાશન, રમત-ગમત, પ્રવાસ-પર્યટન, આરોગ્ય સફાઈ, ઉત્સવોની ઉજવણી વગેરેનું સંચાલન પણ નિયમિત રીતે કરતાં. શાળાના નિયમોનું તેઓ કડક પાલન કરતા અને ખૂબ પ્રેમપૂર્વક વિદ્યાર્થીઓ પાસે પણ તેમનું કડક પાલન કરાવતા. આથી ભાવનગરની દક્ષિણામૂર્તિ તથા રાજકોટની રાષ્ટ્રીયશાળાના જેવી જ વઢવાણની રાષ્ટ્રીયશાળા લોકપ્રિય બની.

અત્યાર સુધી શાળા ધર્મશાળામાં ચાલતી હતી. પરંતુ તેનો વિસ્તાર થતા વઢવાણ રાજ્યે તેને જમીન આપી. તેમાં શાળાનાં મકાનો, શિક્ષકોના આવાસો વગેરે ચણાવા લાગ્યા અને શાળાનો ત્યાં આરંભ થયો. પરંતુ ટૂંકમાં જ શાળામાં હરિજન બાળકોને પ્રવેશ આપવાનો પ્રશ્ન ઉભો થયો. ફૂલચંદભાઈ, શિવાનંદજી તથા ચમનભાઈ આ પ્રશ્ને મક્કમ રહ્યા એટલે વઢવાણના મોટાભાગના લોકોએ પોતાના બાળકોને શાળામાંથી પાછા ખેંચી લીધા. થોડા સિદ્ધાંતચુસ્ત શિક્ષકો સિવાય મોટાભાગના શિક્ષકોએ પણ શાળાની નોકરી છોડી દીધી. એટલે રાષ્ટ્રીયશાળા લગભગ હરિજન શાળામાં ફેરવાઈ ગઈ અને તેની સંખ્યા ખૂબ જ ઘટી ગઈ. શાળાને બંધ કરવાનો સમય આવ્યો તો પણ આ પ્રશ્ને ફૂલચંદભાઈ શિવાનંદજી તથા ચમનભાઈએ મચક આપી નહિ અને ચમનભાઈએ શાળાના બાલમંદિર પર ધ્યાન કેન્દ્રીત કર્યું. પરંતુ સિદ્ધાંતમાં બાંધછોડ કરી નહિ. શરૂઆતમાં ૧૦ બાળકોની સંખ્યાથી તે ૧૦૦ પર પહોંચી. આમ ચમનભાઈ શાળાના આચાર્યમાંથી બાલમંદિરના શિક્ષક બન્યા.

બાલમંદિર માટે મોન્ટેસરી પદ્ધતિનું શિક્ષણ ચમનભાઈને જરૂરી લાગ્યું એટલે તે પોતે ભાવનગર- દક્ષિણામૂર્તિમાં બાલમંદિરમાં ગિજુભાઈ તથા તારાબેન પાસે મોન્ટેસરી પદ્ધતિનું શિક્ષણ મેળવવા ગયા અને ત્યાં તે પદ્ધતિની પુરી જાણકારી મેળવીને વઢવાણ બાલમંદિરમાં તેનો સફળ પ્રયોગ કર્યો. ગંભીર દેખાતા ચમનભાઈ બાળકોની સાથે ભાવકો જેવા થઈને ગાતા નાચતા, કૂદતા તે તેમના જીવનની વિશિષ્ટતા હતી.

ચમનભાઈ વૈષ્ણવે શિક્ષણક્ષેત્રની સાથોસાથ જાહેરસેવા તેમજ ચળવળોમાં પણ નોંધપાત્ર પ્રદાન કર્યું. વઢવાણની શહેર સુધરાઈની ચૂંટણીમાં ચમનભાઈ પોતાના લતામાંથી ઊભા રહ્યા અને ચૂંટાઈ આવ્યા. આમ તેમણે શહેર સેવાનો પણ પ્રારંભ કર્યો તથા જાહેર સફાઈ તેમજ આરોગ્યને લગતા કેટલાક કાર્યો જાતે કરીને સુધરાઈના સભ્ય તરીકે ચમનભાઈએ સેવાનો નવો ચીલો પાડ્યો તથા તે પ્રજાનો પ્રથમ પંક્તિનો સેવક છે તેવું ઉદાહરણ પુરુ પાડ્યું.

આ અરસામાં વઢવાણ રાજ્યે અયોગ્ય શાસનની ટીકા કરતા તથા લોકનાયકોની હિમાયત કરતા ''સૌરાષ્ટ્ર મિત્ર'' નામના અખબાર પર પ્રતિબંધ મૂક્યો (૧૯૨૮). તેનો વિરોધ વ્યક્ત કરવા મોટી જનમેદની એકઠી થઈ. તે સભામાં ચમનભાઈએ મુખ્ય વક્તા તરીકે લોકોને સંબોધન કર્યું. એટલે પોલીસે સભા પર બેફામ લાઠીચાર્જ કર્યો. લોકો વિખરાયા, પરંતુ ચમનભાઈ તથા ફૂલચંદભાઈ પોતાના સ્થાન પર અડગ રહ્યા અને પોલીસની લાઠીઓનો માર ખાધો. પોલીસે બન્નેને માર માર્યા બાદ લોકઅપ માં પૂરી દીધા. આથી વઢવાણમાં સખત હડતાલ પડી. મહાજને પણ તેનો ભારે વિરોધ કર્યો. પરિણામે સમય વર્તીને સરકારે બન્નેને છોડી મૂકવા પડ્યા.

૧૯૩૦ માં સવિનય કાનૂનભંગ કે મીઠાનો સત્યાગ્રહ શરૂ થતા ગાંધીજીએ લોકોને પોતાનું સર્વસ્વ હોમી દઈને સત્યાગ્રહમાં જોડાવા અનુરોધ કર્યો. તુરત ચમનભાઈ શાળામાંથી કામચલાઉ છૂટા થઈને સત્યાગ્રહ સંગ્રામમાં સામેલ થઈ ગયા અને વિરમગામની સત્યાગ્રહ છાવણીનું સુકાનીપદ સંભાળી લીધું. આ છાવણીમાં આશરે ૨૦૦ થી ૩૦૦ સત્યાગ્રહી સૈનિકો હતા ચમનભાઈ એ તેમને શિસ્તબદ્ધ લડતનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું એટલું જ નહિ પરંતુ તેમની દરેક પ્રકારની સાર સંભાળ પણ લીધી. તેઓ વહેલી સવારથી છેક રાત્રી સુધી સતત કાર્યશીલ રહેતા. તેમજ ભાખરી અને છાશનો તદ્દન સાદો ખોરાક લેતા તથા ચટાઈ પર સૂઈ રહેતા. આમ તેમણે આદર્શ સત્યાગ્રહી તથા આદર્શ નેતાગીરીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરમગામથી ૧૫-૧૬ કિલોમીટર દૂર મીઠું લેવા સત્યાગ્રહી સૈનિકો જતા ત્યારે પોલીસ તેમને સખત માર મારીને મીઠું ઝૂંટવી લેતી, તો પણ ચમનભાઈ સત્યાગ્રહીઓને આ ધર્મયુદ્ધ ગણીને બધું સહન કરવા સમજાવતા અને તેમની ભારે સરભરા કરતા.

સવિનય કાનૂનભંગની પ્રથમ તબક્કાની લડાઈ ગાંધી-ઇર્વીન સમજૂતીથી મોકૂફ રહી અને ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા લંડન ગયા. આ દરમ્યાન ચમનભાઈએ વિરમગામ છાવણીનું સેવાકાર્ય ચાલુ રાખ્યું. તેમણે માંડલ ગામમાં પરદેશી કાપડ વેચતા વેપારીઓની દુકાનોનું કાપડ પ્રેમપૂર્વક સીલ કરાવ્યું. વીરમગામ તાલુકાના ગામડામાં હરિજનોને પીવાના પાણીનો ભારે ત્રાસ હતો. ઠક્કરબાપાએ આની તપાસ કરવા ચમનભાઈને આદેશ આપ્યો આથી ચમનભાઈ થોડા દિવસોમાં ૧૦૫ ગામોમાં ફર્યા અને હરિજનોની મુશ્કેલીઓનો જાત અભ્યાસ કર્યો. છેક સવારથી સાંજ સુધી તેઓ ગામડામાં ફરતા અને રાત્રી થતા ગામડાના ચોરામાં સૂઈ રહેતા તથા ભાખરી અને છાશનું સાદુ ભોજન લેતા. તેમણે ઠક્કરબાપાને હરિજનોની પીવાના પાણીની તેમજ અન્ય હાડમારીઓનો વિસ્તૃત અહેવાલ મોકલ્યો. આમ મૂકસેવાનું ઉમદા ઉદાહરણ ચમનભાઈએ આ કામગીરી મારફત પુરું પાડ્યું.

ગાંધીજી હતાશા સાથે બીજી ગોળમેજી પરિષદમાંથી પાછા ફર્યા. સરકારે ગાંધી-ઇર્વીન સમજૂતીનો ભંગ કરતા કેટલાક દમનકારી પગલાં લીધાં. આથી ગાંધીજીને લડતનો બીજો તબક્કો શરૂ કરવાની ફરજ પડી. ચમનભાઈની ધરપકડ થઈ. ન્યાયાધીશે ચમનભાઈને જેલમાં બ વર્ગ આપવાની ભલામણ કરી. પરંતુ ચમનભાઈએ સી વર્ગ પસંદ કરીને પોતે અદના સેવક હોવાનું જણાવ્યું.

સતત અને ભારે પરિશ્રમથી ચમનભાઈનું શરીર ઘસાયું. તેમને ક્ષય રોગ લાગુ પડ્યો. જેલમાં તેમને દૂધ-રોટલીનો ખોરાક અપાયો પણ તબિયત માં ખાસ ફરક પડ્યો નહિ. પંદર માસની સજા ભોગવીને તે છૂટ્યા ત્યારે શારીરિક રીતે સાવ ભાંગી પડ્યા હતા. ક્ષયની બીમારી વધી હતી. ફૂલચંદભાઈના અતિ આગ્રહથી પોતાની ઇચ્છા વિરુદ્ધ તે પંચગીની હવાફેર માટે ગયા. મિત્રો તેમજ શુભેચ્છક ડોક્ટરોની સહાયથી, પૌષ્ટિક ખોરાક તેમજ સારવારથી તેની તબિયતમાં સુધારો થયો અને તે વઢવાણ આશ્રમમાં પાછા ફર્યા.

પંચગીનીમાં એડોલ્ફ જુસ્ટનું 'રીટર્ન ટુ નેચર' નામનું અંગ્રેજી પુસ્તક વાંચ્યા બાદ ડોક્ટરી સારવારમાંથી તેમની શ્રદ્ધા ડગી ગઈ અને તેમણે કુદરતી ઉપચાર સૂર્યસ્નાન, કટીસ્નાન, પાણી-માટીના ઉપચાર, કાચા શાકભાજી-ફળ વગેરેના પ્રયોગો કર્યા. તેનાથી તેની તબિયત સ્વસ્થ થઈ. ટોલસ્ટોયના પુસ્તકો તેમજ ગીતાનું વાચન પણ તેમણે નિયમિત કરવા માંડ્યું અને વઢવાણ આશ્રમમાં ફરી હરિજન શાળા શરૂ કરીને પોતાનું અસલ સેવાકાર્ય સંભાળી લીધું. પરંતુ શ્રમને લીધે ફરી તબિયત બગડતા થોડો વખત પોરબંદરના આશ્રમમાં ગયા. જ્યાં તબિયતમાં ખાસ ફરક ન પડતા આપ્તજનો શુભેચ્છકોને વિશેષ તકલીફ ન આપવાના આશયથી તેમણે ઋષિકેશ જવાનો નિર્ણય લીધો અને ત્યાંના એક પરોપકારી સંન્યાસીના આશ્રમમાં સુશ્રુષાથી ચમનભાઈ સાજા થયા અને વઢવાણ પાછા ફર્યા.

આ સમયે તેમને ગળામાં દર્દ થવાથી તે બોલી શકતા નહિ. એટલે ફરી શિક્ષણકાર્ય કરી શકે તેમ ન હતા. જેથી લેખનકાર્ય કર્યું અને અજ્ઞાતને નામે તેત્રીસ પત્રો લખ્યાં જે પછીથી પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયા. જેમાં ચમનભાઈની જીવનભરની સાધનાનો નીચોડ છે.

થોડા વખતમાં ફરી ક્ષયે ઉથલો માર્યો. તેમને દૂર પંચગીની જવાનો મિત્રોએ આગ્રહ કર્યો જેનો તેમણે અન્યના પૈસા આ રીતે વપરાય નહિ કહીને ઇન્કાર કર્યો અને અંતિમ દિવસો વઢવાણમાં પોતાના વૃદ્ધ માતા-પિતા તથા વિધવા બહેન સાથે ગાળ્યા. ૧ લી જૂન, ૧૯૪૦ના રોજ ૪૪ વર્ષની યુવાનવયે ચમનભાઈએ નશ્વર દેહનો ત્યાગ કર્યો.

ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, કિશોરલાલ મશરૂવાળા, કાકા સાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ, જુગતરામ દવે અને અન્ય મહાનુભાવોએ ચમનભાઈને અંજલિ આપતા તેમને આદર્શ શિક્ષક તેમજ ઉચ્ચ કોટિના સેવક, અજ્ઞાત તપસ્વી, વિરલ વિભૂતિ, અનન્ય સાધક, સદ્ચરિત સદ્ગુરુ, ત્યાગમૂર્તિ, પ્રેરણાદાયી સાહિત્યકાર વગેરે તરીકે બિરદાવેલ છે. જે તેમના જીવનની સાર્થકતા સિદ્ધ કરે છે.

---

નોંધ :- સૌરાષ્ટ્ર ઇતિહાસ પરિષદમાં રજૂ કરેલ પેપર.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir








પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C\o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩. તા. ૧૫-૧૨-૯૭

For Private and Personal Use Only